સમર્પણ.

સદ્‌ગુણાલંકૃત શેઠશ્રી,

શેઠ પુંજાભાઇ અમીચંદ.

દાહોદ—(માંડળ.)

નાનપણથીજ ધર્મના સંસ્કારોમાં ઉછરેલા આપના જીવનમાં શુભ વિચારોની પ્રણાલીકા વહેતી આવી છે. આપના પૂજ્ય પિતાશ્રી આપને લઘુવયના મૂકી સ્વર્ગસ્થ થયા છતાં દિન પ્રતિદીન આપની ધર્મભાવના—જૈન સાહિત્ય પ્રતિનો આપનો અપૂર્વ પ્રેમ વધતોજ ગયો છે. પવિત્ર હૃદયના પંન્યાસજી મહારાજ શ્રી ભક્તિવિજયજી મહારાજશ્રીના સદુપદેશનું આપે ખરેખર સાર્થક કર્યુ છે. આવી રીતે આપનો દેવ, ગુરૂ અને ધર્મ પરત્વેનો ભાવ દિન પ્રતિદીન વધતો જોઇ ઉક્ત પં૦ મહારાજશ્રીના સદુપદેશથી સ્વ૦ આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મસૂરિના સ્મારક માટે આપે આ પુસ્તકની અમુક નકલો લઇને પ્રગટ કરવાની આપેલી તક માટે આપનો આભારી છું. આપનું અનુકરણ બીજા શ્રાવકબંધુ કરે તેવુ ઇચ્છી આ પુસ્તક આપના કરકમળમાં સમર્પી કૃતાર્થ થાઉં છું.

લી૦ આપનો,

અચરતલાલ.

—※—

શ્રી મહાવીર સ્વામીના દશ શ્રાવકો.

અનુક્રમણિકા.



આભાર.



આ પુસ્તક પ્રગટ કરાવવામાં પન્યાસજી મહારાજશ્રી ભક્તિવિજયજી મહારાજશ્રીની લાગણી માટે તેમજ આ પુસ્તક શોધી (તપાસી) આપવા સદ્ગુણાનુરાગી શ્રીમાન મુનીરાજશ્રી કર્પુરવિજયજી મહારાજે જે કૃપા બતાવી છે તે માટે ઉક્ત બન્ને મહાત્માશ્રીનો અમો અંતઃકરણથી આભાર માનીએ છીએ.



ક્ષમા.

આ પુસ્તક બરાબર તપાસી શોધાવી પ્રગટ કરવામાં આવેલ છે છતાંપણ દ્રષ્ટિદોષથી કે પ્રેસ-દોષથી કોઈ ભુલ રહી હોય તે વાંચક મહાશય સુધારી વાંચશે અને અમને જણાવશે જેથી તેની બીજી આવૃત્તિમાં સુધારો કરીશું.



૪૧	૧૧	મેંશ	[illegible]
૪૬	૫	[illegible]	[illegible]
૫૫	૬	કરી અને	કરી, કોઈ આવે અને
૫૭	૩	મહાસાગર	મહાસાગરમાં
૫૬	૧૪	કેમ	કે
૫૮	૧૧	આપવાની	આપવાની
૬૬	૧૩	[illegible]	[illegible]
૬૮	૧૬	શ્રીવર્તિ	શ્રીવર્ધે
૧૧૧	૨૨	[illegible]	[illegible]

ભુલશો નહિ.

શ્રી કુમારપાળ ચરિત્ર—સચિત્ર. (સુંદર પાકા પૂંઠાથી વિભુષીત નવીન શૈલીથી લખાયેલું આ પુસ્તક વાંચવાનું ભુલશો નહિ. કિં રૂ. ૧-૮-૦



ગ્રતિ મેળવી મુશ્કેલ છે, તેવા બાળજીવો ચરિતાનુયોગથીજ લાભ પામી શકશે.

દુનિયાના લગભગ તમામ મનુષ્યોમાં અનુકરણ કરવાની તો ઓછી-વત્તી ટેવ હોયજ છે. બાળવર્ગમાં અનુકરણ કરવાની આદત વધારે ઉપલબ્ધ થાય છે. દરેક બાળક પ્રાયઃ પોતાના માબાપ, વડીલ કે શિક્ષકના વર્તન તરફ બારીક નજરથી જોયા કરે છે. તેમના વર્તનમાં બાળકના જોવામાં જેવી ચેષ્ટા આવે છે, તેમાથી કંઇક તે પોતાને માટે અનુકરણ કરવાનું શોધી લે છે અને તે પ્રવૃતિ તે નિઃશંકપણે ચાલુ કરે છે.

પણ અનાદિકાળથી જીવનું વલણ સાંસારિક વિષયો તરફ હોવાથી તેવી પ્રવૃત્તિમાં તો તેનું મન વિજળીના વેગે ગમન કરે છે. તેને કોઈ ઉપદેશક કે સમજાવનારની જરૂર પડતી નથી, તેથી સાંસારિક પ્રવૃત્તિઓ તો તેને પરિશ્રમ વિનાના ફળરૂપે આવીને ઉપસ્થિત થાય છે. તે પ્રવૃત્તિઓથી જીવ મુક્ત કેમ થાય અને મોક્ષ નગરની શોભિતી સડકપર કેમ ગમન કરે, એવો ઉંચો હેતુ મનમા લાવીને સમર્થ સુરીશ્વરોએ બાળવર્ગના જીવો માટે કથાનુયોગનો માર્ગ લીધો છે

ઘણીવાર કેટલાક શ્રાવકો તરફથી પ્રશ્ન કરવામાં આવે છે કે-' અમુક મહારાજા કે શ્રેષ્ઠીની સમૃદ્ધિ, સૈન્ય, અન્તઃપુર ધનભંડાર કે યુદ્ધભૂમિનું આટલું બધું વર્ણન શામાટે જોઈએ ? ગ્રંથકારોનો તો મોક્ષમાર્ગ પમાડવાનો એકજ હેતુ છે. તો બાળજીવોને આવી સાંસારિક સંપત્તિના વર્ણનમાં શા માટે

રહ્યા હોય, તેમને તેવાજ પદાર્થો સામે મૂકી છેવટે તેની અનિત્યતા બતાવી આપવી જોઇએ કે જેથી તેમને કંઇક રસ પડે અને તે પદાર્થોમાં રહેલ અનિત્યતા જાણવામાં આવે અને ત્યારેજ અંતરમાં રહેલ તેના પ્રત્યેની આસક્તિ શિથિલ થાય, થતાં થતાં એક વખત એવો પણ આવે કે તે જીવોને અનિત્ય પદાર્થો તરફ ઉદાસીનતા પ્રાપ્ત થાય અને તેથી ચરણકરણાનુયોગમાં આવતાં તેમને કંઇજ વાર ન લાગે.

તેમજ ઘણી કથાઓમાં સ્વર્ગનાં સુખોનું વર્ણન કરવામાં બાકી રાખી નથી. તે સુખોનો ભોક્તા કોણ હોઇ શકે ? આવો પ્રશ્ન થતાં તેનો જવાબ મળે છે કે–તેવાં સુખો પુણ્ય કરનારજ પામી શકે. આથી મનુષ્યના સુખ કરતાં સ્વર્ગીય સુખોમાં અધિકતા બતાવી બાળજીવોને પુણ્ય પ્રત્યે પ્રગતિ કરવાને પ્રેર્યા છે. જો કે સ્વર્ગીય સુખો એ સાંસારિક સુખોજ છે, તેથી તાત્વિક દૃષ્ટિએ તે એટલા બધા ગૌરવને પાત્ર નથી, છતાં પુણ્યપથને પ્રગટ કરવા શરૂઆતમાં તેવા માર્ગને પોષણ આપવાની જરૂર છે અને તેટલા માટે પુણ્યજન્ય દિવ્ય સુખોનું લંબાણથી વિવેચન કરવામા આવ્યું હોય, તો તે બનવા યોગ્ય છે.

જિન શાસનના રહસ્યને જાણનારા મહાત્માઓએ એટલે સુધી કહ્યું છે કે ' રાગ ન કરવો ' છતાં કદાચ તે સર્વથા મૂકી ન શકાય, તો માત્ર મહાપુરૂષો એટલે સંતજનો પ્રત્યે રાગ કરવો. તેમ કર્મને માટે પણ એમ કહેવામાં આવ્યુ

ગૃહસ્થાશ્રમની અવસ્થામાં હોવા છતાં કુટુંબ કે ધનાદિકથી વિરક્ત રહેવું-એ સાધારણ વાત નથી. કહ્યું છે કે—

"विकारहेतौ सति विक्रियन्ते, येषां न चेतांसि त एव धीराः"

અર્થ:—વિકાર જનક વસ્તુ સન્મુખ છતાં જેમના મનને વિકારની અસરથતી નથી, તેજ ખરા ધીર પુરૂષો સમજવા.

જે શ્રાવકોના ચરિત્રો તરફ આપણું લક્ષ્ય દોરવાનું છે, તે શ્રમણોપાસકો પણ તેવાજ હતા. શ્રાવકના ધર્મનું મૂળ સમ્યકત્વ કહેવાય, તે વિના જે કાંઈ ધર્મ કરણી છે, તે અલ્પ ફળદાયક નીવડે છે એમ શાસ્ત્રકારો જગે જગે જણાવી ગયા છે. કહ્યું છે કે—

" *गुणानामेक आधारो, रत्नानामिव सागरः ।*

पात्रं चारित्र वित्तस्य, सम्यक्त्वं श्लाघ्यते न कैः ? ॥

અર્થ—જેમ સમુદ્ર રત્નોનું સ્થાન, તેમ સમ્યકત્વ ગુણોનું સ્થાન છે અને ચારિત્રરૂપ ધનનું તે પાત્ર છે. એવું સમ્યકત્વ કોણે પ્રશસ્ત નથી કહેલ? અર્થાત્ તે સર્વોત્કૃષ્ટ ગુણ છે.

પૂર્વાચાર્યોએ એ સમકિતના મહત્વને બતાવતાં એટલે સુધી વર્ણન કર્યું છે કે—

"सम्यक्त्वरत्नान्न परं हि रत्नं, सम्यक्त्वमित्रान्न परं हि मित्रम् ।
सम्यक्त्वबन्धोर्न परो हि बन्धुः सम्यक्त्वलाभान्न परं हि लाभः" ॥

અર્થ—સમ્યકત્વ ઉપરાંત બીજું કીંમતી રત્ન નથી. સમ્યકત્વ સમાન અન્ય કોઈ પરમ મિત્ર નથી. સમ્યકત્વ તુલ્ય

[illegible] થાય છે, [illegible] [illegible] [illegible] છે.

એ [illegible] [illegible] [illegible] [illegible] પણ [illegible] [illegible] છે કે—

“ [illegible] [illegible] [illegible] ।
[illegible] [illegible] ” ॥

અર્થ— [illegible] નથી, [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible] થાય છે.

[illegible] નથી, પરંતુ [illegible] પણ [illegible] [illegible] છે કે—

“ [illegible] [illegible] [illegible] ।
[illegible] [illegible] [illegible] ” ॥

અર્થ— [illegible] [illegible] [illegible] [illegible] છે.

એ રીતે [illegible] [illegible] મહત્વ [illegible] [illegible] છે. [illegible] અને [illegible] પણ [illegible] [illegible] [illegible] થઈ જાય છે. જે [illegible]

જ્યોતિ કેવળ ભાવ સિવાય નજ મેળવી શકાય. આ પુસ્તકમાં વર્ણવેલ આનંદાદિક દશ શ્રાવકોએ સમ્યકત્વની સંભાળ રાખવામાં બહુજ કષ્ટો વેઠ્યાં છે. તેમાં પણ ઉપસર્ગ આવતાં તેમણે પોતાની ધીરજ ખોઈ નથી. તેવા પ્રસંગો આવે ત્યારેજ સમ્યક્ત્વની કસોટી થઈ શકે છે. અને તેવી કસોટીમાંથી એ પરમ શ્રાવકો પસાર થયા છે.

એ દશે શ્રાવકોમાં પ્રથમસ્થાને આનંદ શ્રાવક છે. વાણીજ્યગ્રામમાં શ્રી મહાવીર સ્વામીના આગમનના સમાચાર સાંભળતાં આનંદ અત્યંત આનંદથી ઓતપ્રોત થઈ જાય છે. આ વખતે તેના મનનો ઉલ્લાસ અને શુભ ભાવનાનો પાર જણાય છે. એજ તેના નિર્મળ સમ્યક્ત્વના સ્વરૂપને સૂચવી આપે છે. ભગવંતની ધર્મદેશના સાંભળવાની તેની ઉત્સુકતા એ તેના મુમુક્ષુભાવની નિશાની છે. દેશના સાંભળ્યા પછી તેની ધર્મભાવનામાં વિશેષ વધારો થતો જાય છે, તેથી વ્રત લેવાની ભાવના તેને જાગ્રત થાય છે.

શ્રી ભગવંતે દેશવિરતિ અને સર્વવિરતિ અર્થાત્ શ્રાવકધર્મ અને સાધુધર્મ એમ બે પ્રકારે ધર્મ બતાવેલ છે. તેમાં શ્રાવકધર્મના બાર વ્રતમાં એવી ક્રિયાઓ બતાવવામાં આવી છે કે જે ક્રિયા કરવાથી ક્રમશ: સાધુધર્મના કર્તવ્ય અંશે સમાવેશ થાય છે. જેમ સામાયિકવ્રત આદિ એ શ્રાવકને માટે સાધુપણાની ઉત્તમ ભાવના ઉત્પન્ન કરે છે. કારણ કે —

" सामाइयंमि उ कए, समणो इव सावओ हवइ जम्हा ।
एएण कारणेणं, बहुसो सामाइयं कुज्जा " ॥

અર્થ:—શ્રાવક જેટલીવાર સામાયિકમાં હોય, તેટલો વખત તે શ્રમણ એટલે સાધુ તુલ્ય ગણાય છે, એટલા માટે જેમ બને તેમ વધારે સામાયિક કરવા.

જેમ સામાયિકમાં સાધુપણ:નો અંશ આવે છે, તેમ પૌષધવ્રત કરતાં તો તેથી પણ વધારે મનનો સંયમ થવાથી સાધુત્વનો અંશ વધારે ઉત્પન્ન થાય છે. વળી સામાયિકની અવધિ બે ઘડી સુધીની હોય છે, જ્યારે પૌષધની મર્યાદા ચાર, આઠ કે સોળ પહોરની હોય છે. તેમા કેટલીક ક્રિયા પણ સાધુના જેવીજ કરવી પડે છે. જેમકે પડીલેહણ, પ્રતિક્રમણ, દેવવંદન,સચિત્તપરિહાર, બ્રહ્મચર્ય,શરીર સત્કારનો ત્યાગ અને સંસારના તમામ વ્યાપારનો પરિહાર ઇત્યાદિ પૌષધ કરનારને કરવાંજ પડે છે. તેથી તે તેટલોવખત મુનિની પંક્તિમા આવી શકે છે.

વળી ગૃહસ્થાશ્રમનો મોહ ઓછો થાય અને સર્વ સંયમની ભાવના જાગ્રત થાય, તેને માટે શ્રાવકની અગીયાર પડીમા બતાવેલ છે. દરેક પડિમામાં ઉત્તરોત્તર વધતી ક્રિયા આવે છે. અહીં શ્રાવકની એટલી બધી કસોટી થાય છે કે તે મુનિપણાને યોગ્યજ બની જાય છે.

આજે કેટલેક ઠેકાણે સંયમ લેવાની બહુજ ઉતાવળ કરવામા આવે છે, પણ તેમા કસોટીની બહુજ ઓછી દરકાર હોય

શ્રાવકધર્મમાં સમ્યકત્વ મૂલ બારવ્રત આવે છે. એ બારે વ્રત આદરીને બરાબર પાળ્યા પછી અગીયાર પડિમાનું વહન કરવામાં આવે છે. આણુંદ શ્રાવકે ભગવંત પાસે પ્રથમ સમ્યકત્વ મૂલ બારવ્રત લીધા હતા, ત્યારબાદ ચૌદ વર્ષ એ વ્રત પાળીને તેણે શ્રાવકની અગીયાર પડિમા આદરી. એ પડીમાના તપથી તેનું શરીરબળ ક્ષીણ થવાથી તેણે સંલેખના પૂર્વક અનશન વ્રત લીધું. તે વખતે વૈરાગ્યનો વેગ વધવાથી આણુંદ શ્રાવકને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું, તેથી પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં લવણ સમુદ્રમાં પાંચસે યોજન પ્રમાણ ક્ષેત્ર અને ઉત્તર દિશામાં હિમવંત પર્વત સુધી તેના જોવામાં આવ્યું. અધોલોકમાં લોલુક નામે નરકાવાસ અને ઉર્ધ્વલોકમાં તેણે સૌધર્મદેવલોક જોયો. અવધિજ્ઞાન ઉત્પન્ન થતાંજ તેના મોહના ઘણાં દળીયા ક્ષીણ થઇ ગયાં હતાં.

એ અવસરમાં ત્યાં ભગવંત પધાર્યા. પ્રભુની આજ્ઞાથી ગૌતમસ્વામી ગોચરી નિમિત્તે વાણિજ્ય નગરમાં પધારતાં આણુંદ શ્રાવકના અનશનની વાત સાંભળવામાં આવતા તેઓ પૌષધશાળામાં તેની પાસે ગયા, તેમને વંદના કરીને પ્રશ્ન કરતાં આણુંદ શ્રાવકે પોતાને થયેલ અવધિજ્ઞાનનું પ્રમાણ કહી બતાવ્યું. તેથી ગૌતમસ્વામીને તે વાત માનવામાં ન આવવાથી ભગવંત પાસે આવીને તેમણે તે પ્રશ્ન નિવેદન કર્યો. પ્રભુએ આણુંદ શ્રાવકનું વચન સત્ય કહેવાથી ગૌતમ સ્વામીએ તેની પાસે જઇ તેને મિથ્યાદુષ્કૃત દઇને તેને ખમાવ્યો.

આણંદ શ્રાવક વીશ વર્ષ સુધી શ્રાવકધર્મ આરાધી છેવટે સંલેખના અને આલોચના કરી શુભ ધ્યાનમાં મરણ પામીને એક માસના અનશનથી તે સૌધર્મના પહેલા દેવલોકમાં મહા સમૃદ્ધિવાળો દેવતા થયો.

કામદેવ શ્રાવક મહા સમૃદ્ધિવાળો હતો. તે ચોવીશ કોટિ ધનનો ધણી હતો અને છ ગોકુલ તેને ઘેર હતાં. પોતાની પાસે આટલી બધી લક્ષ્મી છતાં તેનામાં જરા પણ અભિમાનનો અંશ ન હતો, તે ધર્મરૂપ ધનને વધારે કીંમતી સમજતો હતો.

મહાવીર ભગવંત જ્યારે ચંપાનગરીમાં પધાર્યા, ત્યારે તે શુભ સમાચાર સાંભળતાં તેનો હર્ષસાગર ઉછળવા માંડ્યો 'અહો આજે મારા મહાભાગ્યથી ભગવંતનું અહીં આગમન થયું' આવી ભાવનાથી તેના રોમ વિકસ્વર થયા. અતિ ભક્તિભાવથી તે ભગવંતને વંદન કરવા ગયો. સમવસરણમાં બિરાજમાન પ્રભુને જોતાં તેની ભવ્ય ભાવના વધારે વિકસિત થઈ. ભગવંતને વંદન કરીને તેણે ધર્મોપદેશ સાંભળ્યો. જો કે તે સૌમ્ય, સરલતા નિર્લોભતા, કરુણા, વિવેક આદિ ગુણોથી અલંકૃત જ હતો, છતાં ભગવંતના વચનથી તેણે શ્રાવકના બારવ્રત સ્વીકાર્યા. પછી પોતાને ઘેર આવીને તેણે પોતાની ભદ્રા નામની પત્નીને ભલા મણ કરી કે—' હે ગૃહદેવી ! પ્રભુ શ્રીમહાવીર પાસે મેં શ્રાવક ધર્મ સ્વીકાર્યો છે. આપણા પૂર્ણભાગ્યે ભગવંતના સમાગમ થયો. માટે તું પણ દેશવિરતિ અંગીકાર કરીને શુદ્ધ

શ્રાવિકાધર્મ અંગીકાર કર. આવો અવસર વારંવાર મળવાનો નથી.

કામદેવના આ હિતવાક્યથી તેની પત્નીએ શ્રાવિકાધર્મ અંગીકાર કર્યો એટલે તે શ્રાવક દંપતીની ધર્મભાવના પ્રતિદિન વધવા લાગી. એ રીતે ચૌદ વર્ષ પર્યંત શ્રાવકધર્મની આરાધના કર્યા પછી તેણે શ્રાવકની અગીયાર પડિમા વહન કરી.

એક વખતે ઇંદ્રે દેવસભામાં કામદેવની નિશ્ચલતા માટે સારી પ્રશંસા કરી. આ પ્રશંસા કોઈ મિથ્યાત્વવાસિત દેવથી સહન થઈ ન શકી, તેથી અંતરમાં ઇર્ષ્યા લાવીને તે તરત મૃત્યુલોકમાં આવ્યો. આ વખતે કામદેવ કાયોત્સર્ગમાં ધ્યાનમાં લીન હતો. તેણે પોતાના શરીરની મૂર્છા પણ મૂકી દીધી હતી. તે દેવતા પણ પિશાચનું બીહામણું રૂપ બનાવીને તેને ડરાવવા અને ડગાવવા લાગ્યો. આક્રોશયુક્ત વચનથી તેણે તેની બહુ તર્જના કરી અને કહ્યું કે—અરે મૂઢ ? આ તારા ઢોંગને નહિ મૂકે તો તારા શરીરના રાઈ રાઈ જેવડા કટકા કરી નાખીશ. પછી પાછળથી તને પસ્તાવો થશે.

આથી તે લેશમાત્ર પણ ચલાયમાન ન થયો. તે સમજતો હતો કે—' દેવતા પોતાની શક્તિ મારા શરીરને સતાવવા પર્યંત અજમાવી શકશે, પણ મારા આત્માની ધર્મભાવનાનો તે છેદ કરી શકશે નહિ. બસ, શરીરને તો મેં મારૂં માન્યુંજ નથી, પછી મારૂં તેમાં શું જવાનું હતું ? શરીરમાં મારાપણાની બુદ્ધિ હોય તો તેને કષ્ટ થતાં આત્મા

શ્રાવકની અગીયાર પડિમા વહન કરી, છેવટે સંલેખના
એક માસના અનશનપૂર્વક સમાધિમાં કાળ કરીને સૌધ
દેવલોકમાં દેવતા થયો.

ત્રીજો ચુલનીપિતા શ્રાવક વાણારસીમાં રહેતો. દે
કામદેવ કરતાં તે વધારે સંપત્તિશાળી હતો, છતાં તેમાં તે મો
પામ્યો ન હતો. ચરમ તીર્થપતિ શ્રીમહાવીર સ્વામી
પધાર્યા ત્યારે અતિ ઉત્સાહ અને આડંબર સહિત તે ભગ
તને વાંદવા ગયો, પ્રભુની ધર્મદેશના સાંભળી તેના અંતઃકરણ
ધર્મભાવના વધારે જાગ્રત થઈ. તેથી ભગવંત પાસે તેણે બ
વ્રત ઉચ્ચર્યા. પછી સ્વસ્થાને આવતાં તેણે પોતાની પ
શ્યામાને ધર્મભાવનાથી વાસિત કરી. એટલે તેણે પણ શ્રા
કાધર્મ આદર્યો. એ શ્રાવકધર્મ પાળતાં તે પવિત્ર દંપતીએ
ચૌદ વર્ષ વીતાવ્યા.

ત્યારપછી એકદા ચુલનીપિતાએ શ્રાવકની અગીયા
પડિમા વહેવાનો વિચાર કર્યો. પૌષધશાળામાં પડિમા લઈ
તે એકાગ્રધ્યાન ધરતો હતો. એવામાં કોઈ દેવતાએ હાથમ
ખુલ્લી તરવાર બતાવીને કહ્યું—'અરે મૂર્ખ! આ બધો તારો
આડંબર તજી દે. નહિ તો તારા પુત્રને તેલની કડાઈમાં ધકવી
તેનું લોહી માંસ તારા શરીરે છાંટીશ, માટે પુત્રને બચાવવાની
ખાતર તું ધર્મને તજી દે.' એમ દેવતાના વચનથી તે ડગ્યો
નહિ, એટલે દેવતાએ રૂષ્ટ થઈને તેમ કર્યું; તોપણ તે ચલા-
યમાન ન થયો. એમ તેના ચાર પુત્રોને તેણે કાપી કાપીને

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible]

[illegible] [illegible] [illegible] [illegible] આવીને તેનું [illegible] [illegible] [illegible] પણ તે ચલિત ન થયો, ત્યારે [illegible] [illegible] [illegible] [illegible] ન થયો. ત્યારે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

કોઈ મિથ્યાત્વી દેવનું કૃત્ય લાગે છે. આપણા પુત્રો તો સુખે સુતા છે. તમે આમ વ્યાકુળ ન થાઓ.'

એ પ્રમાણે સ્ત્રીના વચનથી પોતાની નિર્બળતા માટે તેને પશ્ચાત્તાપ થયો અને તેણે ગુરૂ પાસે આલોચના લીધી એમ અગીયાર પડિમા વહન કરી વીશ વર્ષ સુધી જિનધર્મ પાળી છેવટે એક માસના અનશનથી [illegible] શ્રાવક મરણ પામીને પહેલા [illegible] મહર્દ્ધિક દેવતા થયા.

પાંચમા. ચુલ્લશતક—શ્રાવક મહા ધનવાન હતો [illegible]

ચુલ્લગશતક તેને પકડવા ઉઠયો, એટલે તે દેવ તરત અદૃશ્ય થઈ ગયો. પણ સ્હેજ કોલાહલ થતાં તેની બહુલા નામની સ્ત્રીએ દેવચેષ્ટા સમજાવી. એટલે શ્રી ગુરૂપાસે આલોચણા લઈને તે શુદ્ધ થયો. છેવટે એક માસના અનશનથી સમાધિમાં મરણ પામીને પ્રથમ દેવલોકમાં દેવતા થયો.

છઠ્ઠો કુંડકોલિક શ્રાવક—પોતાની પૂષા નામની પત્ની સાથે સામાન્ય ગૃહસ્થ ધર્મ પાળતો હતો. કાંપિલ્ય નગરના ઉદ્યાનમાં ચરમ તીર્થનાયક વર્ધમાન સ્વામી આવ્યાના સમાચાર પ્રસરતા તે વિકસિત ભાવથી પ્રભુને વંદન કરવા ગયો. ત્યાં ધર્મદેશનાથી પ્રતિબોધ પામતાં તેણે દ્વાદશ વ્રતરૂપ શ્રાવકધર્મ આદર્યો.

એકદા તે સામાયિકના શુભ ધ્યાનમાં હતો, તે વખતે કોઈ મિથ્યાત્વી દેવતાએ આવીને કુંડકોલિકને કહ્યું કે—'મહાવીરના ધર્મ કરતાં ગોશાળાનો ધર્મ સારો છે. કેમકે તેમા ઉત્થાન, કર્મ, વીર્ય અને પુરૂષાકાર નથી.' આના જવાબમા કુંડકોલિકે તેને એવો ઉત્તર આપ્યો કે તે પાછો બોલીજ ન શકયો એટલે તે મિથ્યાદૃષ્ટિ દેવ નિરૂત્તર થવાથી પલાયન થઈ ગયો.

ચૌદ વર્ષ શ્રાવકધર્મની આરાધના કર્યાં પછી તેણે અગીયાર પડિમા વહન કરી. એમ વીશ વર્ષ જિન ધર્મ આરાધી પ્રાંતે એક માસના અનશનથી કાળ કરીને પ્રથમ દેવલોકમાં દેવતા થયો.

સાતમો સદાલપુત્ર—શ્રાવક જાતે કુંભાર હતો. તે મોટા પ્રમાણમાં નવા વાસણો બનાવતો, તેની પાંચસેં દુકાનો ચાલતી હતી, તેને માણસોનો પરિવાર મોટો હોવાથી તે એક મોટા વેપારી તુલ્ય ગણાતો હતો. તે ગોશાળાના મતને માનતો હતો.

એક વખતે ઉદ્યાનમાં બેઠેલા તેને કોઈ દેવતાએ આવીને કહ્યું કે—' હે સદાલપુત્ર ! આવતી કાલે સર્વજ્ઞ ભગવાન પધારશે. ભાગ્ય વિના તે વીતરાગ પ્રભુની ભેટ થતી નથી ' એમ કહેતાંજ તે અદ્રશ્ય થયો. બીજે દિવસે ભગવંતને પધારેલા જાણી તે વંદન કરવા ગયો. ત્યાં પ્રભુની ધર્મદેશના સાંભળીને પ્રભુને પોતાને ત્યાં પધારવા નિમંત્રણ કર્યું. એટલે ભગવંત તેને પ્રતિબોધ પમાડવા સદાલપુત્રને ત્યાં આવ્યા. તે વખતે તે કાચા વાસણો તડકે સુકવતો હતો. આ વખતે પ્રભુએ ગોશાળાના મતનું ખંડન કરીને તેને યથાર્થ સ્વરૂપ સમજાવ્યું, તેથી તે સમ્યકત્વ પામ્યો. અને તેણે શ્રાવકવ્રતનો સ્વીકાર કર્યો.

એ વાત ગોશાળાના સાંભળવામાં આવતાં તે સદાલપુત્ર પાસે આવ્યો. તેણે ગોશાળાનો સત્કાર ન કર્યો, ત્યારે સદાલપુત્રને બોલાવવા ગોશાળે ' મહામાહણ, મહાગોવાળ, મહા સાર્થવાહ, નિર્યામક ' વિગેરે વિશેષણો ભગવંતને લગાડીને તેને સમજાવ્યું, એટલે સદાલપુત્ર બોલ્યો કે—' હે ગોશાળા ! તું એ મારા ગુરૂથી વર્ધમાનસ્વામી સાથે વાદ કરીને

છતે તો તારા મનનો હું સ્વીકાર કરું.' એ સાંભળી ગોશાળે કહ્યું—'મહાવીર તો મહા સમર્થ છે, તેની પાસે હું કંઈ હિસાબમાંજ નથી.' એમ કહીને તે ચાલ્યો ગયો.

ચૌદ વર્ષ શ્રાવકધર્મ પાળ્યા પછી તેણે અગીયાર પડિમા વહન કરી. તેમાં ધ્યાન ધરતાં કોઈ દેવતાએ તેને પૂર્વ શ્રાવકની જેમ ઉપસર્ગ કર્યો, પણ તે ગભરાયમાન ન થયો. ચાર પુત્રોને મારીને તે તેની સ્ત્રીને મારવા જતો હતો, ત્યારે શ્રાવકપુત્રને દયા આવવાથી દેવતાને પકડવા દોડયો એવામાં તરતજ તે દેવ અદ્રશ્ય થઈ ગયો આથી તેણે ગુરૂ પાસે આલોયણ લીધી. એમ વીશ વર્ષ જિનધર્મ પાળી પ્રાંતે એક માસનું અનશન કરી મરણ પામીને તે સૌધર્મ દેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થયો.

આઠમો મહાશતક શ્રાવક એંશીક્રોડ ધન અને આઠ ગોકુળનો ધણી હતો. તેને રેવતી આદિ તેર સ્ત્રીઓ હતી. રેવતી યૌવનથી મદોન્મત્ત થએલી હતી તે બીજી બાર શોકયોના સુખ ખમી શકતી ન હતી. તેથી વિષયસુખની લાલસાએ તેણે છ શોકયોને શસ્ત્રથી અને છ શોકયોને વિષના પ્રયોગથી મારી નાખી. તે પાપિણી માંસ ખાવામાં અને મદિરાપાન કરવામાં પણ મસ્ત હતી.

મહાશતક શ્રાવકે ભગવાન પાસે બારવ્રત લીધા અને ચૌદ વર્ષ પછી તેણે અગીયાર પડિમા આદરી. પૌષધમાં રેવતીએ તેને કામ ઉપજે તેવા મધુર વચનોથી લલચાવ્યો,

પણ તે સહાયમાન ન થયો. પરંતુ ભાવના વધવાથી તેને આત્મ વિજ્ઞાન ઉત્પન્ન થયું.

એકદા પુત્ર કેવળી [illegible] ઘરે તેને [illegible] [illegible] તેનું [illegible] [illegible] અને [illegible] તેને [illegible] [illegible], [illegible] મહારાજ [illegible] [illegible], પણ તેની [illegible] [illegible] કે [illegible] — [illegible] ! [illegible] ! તું [illegible]

[illegible]

ભોગમાં. ચૌદ વર્ષ પછી તેણે પડિમા તપ આદરી, જેમ કામદેવે તેમ અનશન કરી શુભ ધ્યાનમાં કાળ કરીને પહેલા દેવલોકમાં દેવતા થયો.

તેતલીપિતા શ્રાવક મહાધનિક હતો. શ્રાવસ્તી નગરીમાં શ્રમણ ભગવંત પધાર્યા તો બહુજ હર્ષપૂર્વક તેમને વંદન કરવા ગયો. ત્યાં પ્રભુની દેશનાથી પ્રતિબોધ પામીને તેણે શ્રાવકધર્મ અંગીકાર કર્યો તે અનેક પ્રકારના તપ જપ કરવા લાગ્યો, છેવટે પુત્રોને ઘરભાર સોંપીને તેણે આનંદની પેઠે પડિમા આદરી. એમ વીશ વર્ષ પર્યંત શ્રાવક ધર્મ આરાધી, પાછલે અનશન કરી, શુભ સમાધિમાં મૃત્યુ પામતા તે પહેલા સૌધર્મ દેવલોકમાં દેવતા થયો.

હવે ભાવિક ત્યાંથી મહાવિદેહમાં મનુષ્યઅવતાર લઈ સંયમ આદરીને સિદ્ધપદને પામશે.

श्री महावीरजिनाय नमः

આણંદ શ્રાવક.

મહાવીરના મહાન દશ શ્રાવકોમાં આણંદ શ્રાવક આજે અગ્રસ્થાન ભોગવે છે, એટલુંજ નહિ પણ વર્દ્ધમાન સ્વામીએ પોતે સ્વમુખે તેની સારી પ્રશંસા કરી હતી. દશ લાખ શ્રાવકોમાંએ આણંદ શ્રાવકનું ચરિત્ર, આજે એક આદર્શરૂપ છે



પ્રકરણ ૧ લું.

શ્રી મહાવીર ભગવંતનું આગમન.

આ જંબુદ્વીપની ભારતભૂમિનાં ભૂષણરૂપ વાણિજ્ય ગ્રામ નગર હતું. આ શત્રુઓને સખત રીતે હરાવનાર જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. એજ નગર આજુબાજુ [illegible]

[illegible]

[illegible]

સાથે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે—'અહો! આજે મારા મહાભાગ્યનો સૂર્ય પ્રકાશ્યો કે મહાવીર ભગવંત પોતે અહીં સમોસર્યા જેમના નામથી પણ ભવ્યજનો ભવભીતિને ભાંગી નાખે છે, તો તેમના સાક્ષાત્ દર્શન તો કલ્પવૃક્ષ અને ચિંતામણિ કરતાં પણ વધી જાય. આ આગળથી પણ વિશેષ પણ ધન્ય છે કે જગત્ગુરુ શ્રી વીરના આગમનની અપૂર્વ સમાચાર મારા સાંભળવામાં આવ્યા.'

એ પ્રમાણે આપના આવવાના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ધર્મદેશના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ધર્મદેશના [illegible]

[illegible]

વિનાનું વૃક્ષ, મૂર્તિ વિનાનું મંદિર અને લાવણ્ય વિનાનું રૂપ જેમ શોભા ન પામે, તેમ સમકિત વિનાની ધર્મકરણી શોભતી નથી. સમકિત એ સુરલતાની જેમ મનવાંછિત ફળ આપે છે. વ્રત, નિયમ, જપ, તપરૂપ પુષ્પમાં સમકિત એ પરિમલ સમાન છે. એને મેળવીને પણ બરાબર યત્નાથી જાળવી રાખો.

પ્રકરણ ૨ જું.

પ્રભુ મહાવીરનો ઉપદેશ
અને
આણંદ શ્રાવકે લીધેલાં બારવ્રત.

ધર્મદેશના થઈ રહ્યા પછી આણંદ શ્રાવકે ઉભા થઈને ભગવંતને અરજ કરી કે—"હે સ્વામિન્ ! એ સમકિતમૂલ બાર વ્રતરૂપ શ્રાવકધર્મનું ટુંક સ્વરૂપ સમજાવવા અનુગ્રહ કરો."

એટલે ભગવંત બોલ્યા—"હે આણંદ ! સમકિતધારી શ્રાવકને અન્યતીર્થીઓને, અન્યતીર્થીઓના દેવને અને અન્યધર્મીઓએ ગ્રહણ કરેલ જિનચૈત્યને નમસ્કાર કરવો ન કલ્પે, અન્યતીર્થીઓ સાથે એકવાર કે વારંવાર બોલવું પણ ન કલ્પે, તેમને અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ ચાર પ્રકારનો આહાર પાત્રબુદ્ધિથી એકવાર કે વારંવાર આપવો ન કલ્પે. (અહીં

એ પ્રમાણે ભગવંતના મુખથી સમ્યકત્વનું વિવેચન સાંભળતાં આણંદ શ્રાવકે પ્રભુની સમક્ષ નિરતિચારપણે સમ્યક્ત્વ પાળવાનો નિયમ લીધો.

પછી ભગવંત બોલ્યા—" હે આણંદ ! સર્વ ચારિત્રને ધારણ કરનારા મુનિઓ, મન, વચન અને કાયાથી સર્વ સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરી ત્રસ અને સ્થાવર જીવોની વિરાધનાનો સર્વથા ત્યાગ કરી શકે છે. પણ હે મહાભાગ ! ગૃહસ્થના સાવદ્ય વ્યાપાર સહિત શ્રાવકો તો ત્રસ અને સ્થાવર જીવની રક્ષા દેશથી કરી શકે. સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકારના જીવો હોય છે. તે જીવોની હિંસા પણ બે પ્રકારે થાય છે. એક આરંભથી અને બીજી સંકલ્પથી. તેમાં સંકલ્પથી હિંસાનો શ્રાવકોને માટે નિષેધ છે, તેવા જીવો પણ બે પ્રકારના હોય છે. એક અપરાધી અને બીજા નિરપરાધી તેમાં અપરાધીના સંકલ્પથી હિંસા કરવાનો નિષેધ નથી, પણ નિરપરાધીનો સંકલ્પથી હિંસા કરવાનો નિષેધ છે. તેમાં પણ સાપેક્ષ અને નિરપેક્ષ એવા બે ભેદ છે. શ્રાવક, નિરપરાધી ત્રસ જીવોને ન હણે અને અપરાધી ત્રસજીવોને પણ નિરપેક્ષ જાણીને ન હણે. વળી તે પૃથ્વીકાયાદિ એકેંદ્રિય જીવોની યતના કરે. એ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રતના પાંચ અતિચાર સમજવાના છે, પણ આચરવાના નથી. (૧) ત્રસ જીવોને નિર્દયપણે ચાબુક વિગેરેથી પ્રહાર કરવો. (૨) દોરડી વિગેરેથી દઢપણે બાંધવા. (૩) શસ્ત્રથી નાક, કાન, ચામડી

(૪) કોઈને ખોટો ઉપદેશ કરવો. (૫) ખોટા લેખ લખવા આ પાંચ અતિચાર આચરવાથી શ્રાવક બીજા વ્રતને દૂષિત કરે છે."

એ પ્રમાણે સાંભળતાં આનંદ શ્રાવકે ભગવંતની સમક્ષ બીજા સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રતને નિરતિચારપણે પાળવાનો નિયમ સ્વીકાર્યો

ને પછી ત્રીજા સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રત વિષે વિવેચન કરતાં ભગવંત બોલ્યા કે—

"હે આનંદ ! પરાયું દ્રવ્ય, ક્યાં ખોવાઈ ગયેલ કે ભૂમિ ઉપર પડી રહેલ હોય, શ્રાવકે તે ગ્રહણ ન કરવું. બીજાના દ્રવ્યને ગ્રહણ કરવાથી ચોરીનું કલંક માથે ચડે છે, આ ભવમાં વધ, બંધ અને તાડન તથા પરભવમાં તેનાથી નરકાદિકના તીવ્ર દુઃખો ભોગવવાં પડે છે. તે સ્થૂલ અદત્તાદાનના બે પ્રકાર છે. એક સચિત્ત અદત્તાદાન અને બીજું અચિત્ત અદત્તાદાન, એ વ્રતનાં પાંચ અતિચાર જાણવાના છે, પણ આચરવાના નથી.

(૧) ચોરે ચોરેલી આણેલ વસ્તુ લેવી. (૨) ચોરની સાથે વ્યવહાર કરવો. (૩) રાજ્ય વિરુદ્ધ કાર્ય કરવું. (૪) ખોટા માપ તથા તોલ રાખવા. (૫) સારી નરસી વસ્તુનું ભેળસેળ કરવું. આ પાંચ અતિચાર આચરવાથી શ્રાવક પોતાના ત્રીજા વ્રતને દૂષણ લગાડે છે."

થતી આમંત્ર મિત્રમાં—ની કે ખાણું) બાળકનું પો-
ષણ અને પરિણત પરિમાણ છે. સંતોષ ગુણને ખાતર
કરનાર ખાનક, શ્વાસ આગળનો અભાવ પાર થશે છે. અન,
ખાવ, અન્ય વિગેરેનું પરિમાણ કરીને ખાવો જોઈએ. એથી
[illegible]ના પરિમાણથી તૃષ્ણા અને મૂર્છાનો વેગ ઓછો થઈ
છે. ખાવાનું કે પીવાનું આયુષ્ય બે પ્રકારનું છે. એક સચિત
[illegible], અને બીજો અચિત પરિગ્રહ કે જનના પોષ અતિ
[illegible], અનન્ય [illegible]ને દૂર કરનારા છે.

(૧) [illegible] જેની જાતને છીપિકા પરિમાણ [illegible] અને [illegible] (૨) [illegible] કે [illegible] [illegible] કરેલું [illegible]. (૩) [illegible] (૪) [illegible], [illegible], [illegible] વિગેરે [illegible]. (૫) [illegible] કે [illegible] [illegible] [illegible]

[illegible]

[illegible]

મહાસાગરને પાર પામી શકે છે. દિશાનું પરિમાણ ત્રણ પ્રકારે થઈ શકે છે (૧) ઉપરની દિશાનું પરિમાણ,(૨) નીચેની દિશાનું પરિમાણ, (૩) ત્રાંસી દિશાનું પરિમાણ. એ વ્રતના પાંચ અતિચાર જાણ્યા પછી તજવાના છે.

(૧) ઉપરની દિશાના પરિમાણને તજી દેવું. (૨) નીચેની દિશાના પરિમાણને તજી દેવું. (૩) ત્રાંસી દિશાના પરિમાણનું અતિક્રમણ કરવું. (૪) એક તરફ પરિમાણ વધારવું અને એક તરફ ઓછું કરવું. (૫) ભૂલી જવાથી ધારેલું પરિમાણ તજી દેવું. એ પાંચ અતિચાર આચરવાથી શ્રાવક પોતાના પ્રથમ અણુવ્રતને દૂષિત કરે છે."

એ પ્રમાણે સાંભળીને આણંદ શ્રાવકે ભગવંતની સમક્ષ દિશા પરિમાણ રૂપ વ્રતને નિરતિચારપણે પાળવાનો નિયમ લીધો.

હવે ભગવંત બીજા ગુણવ્રતનું સ્વરૂપ કહેતાં બોલ્યા—"હે આણંદ! જે એકવાર ભોગવાય તે ભોગ અને જે વારંવાર ભોગવાય તે ઉપભોગ એનું પરીમાણ કરવું તે ભોગોપભોગ વિરમણ વ્રત નામે બીજું ગુણવ્રત. એ વ્રતના બે પ્રકાર પડે છે. એક ભોજનથી અને બીજું કર્મથી તેમાં પ્રથમ ભોગોપભોગ પરિમાણના પાંચ અતિચાર જાણ્યા પછી તજવાના છે.

(૧) પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય સચિત પદાર્થો ખાવા. (૨) ઝાડ વિગેરે સચિત્ત પદાર્થને વળગી રહેલા

શુંઠ વિગેરે અચિત્ત પદાર્થ ખાવા. (૩) અગ્નિથી નહિ પાકેલા મોળા વિગેરે ખાવા. (૪) અગ્નિથી બરાબર નહિ શેકાયેલી વસ્તુને શેકાયલી સમજીને ખાવી. (૫) પીલુ વિગેરે બહુ બીજવાળી અને અલ્પ તૃપ્તિ કરનારી હલકી વસ્તુ ખાવી.

બીજા કર્મથી ભોગોપભોગ મતના પંદર અતિચાર પણ બરાબર સમજીને દૂર કરવાના છે—

(૧) અંગારા કરવા અને વેચવા–એ વિગેરે અગ્નિકાયનો સમારંભ કરવો.

(૨) ઝાડો કપાવવાં અને વેચવાં.

(૩) ગાડા કરાવવાં અને વેચવાં.

(૪) ભાડાં કરવા.

(૫) કોદાળા વિગેરેથી જમીન ખોદીને આજીવિકા ચલાવવી.

(૬) હાથીના દાંત અથવા શંખ વિગેરેનો વેપાર કરવો

(૭) લાખનો વેપાર કરવો.

(૮) દારૂ વિગેરે માદક વસ્તુનો વેપાર કરવો.

(૯) ચમરી ગાયના વાળ વેચવા.

(૧૦) ઝેરી વસ્તુ વેચવી અથવા બીજાના ઘાત થાય તેવા શસ્ત્ર વેચવાં.

(૧૧) યંત્રથી તલ અથવા શેલડી પીલવી

(૧૨) બળદ, ઘોડા વિગેરેને ખસી કરવા અથવા તેમના નાક કાન વીંધવાં.

(૧૩) ખેતરમાં આગ લગાડવી.

(૧૪) સરોવર અથવા તળાવોને સુકવી દેવાં. એટલે પોતાના ખેતરમાં ઘઉં વગેરે ધાન્ય વાવવાના હેતુથી તેમાં પાણી લઈ જવા માટે તળાવો ફોડી નાખવા

(૧૫) પોતાની આજીવિકા ચલાવવા માટે અસતી સ્ત્રીનું પોષણ કરવું.

પ્રથમના પાંચ અતિચાર અને આ પંદર કર્માદાનનો શ્રાવકે ત્યાગ કરવો જોઈએ.

આ વખતે આણંદ શ્રાવકે સોગોપભોગ વ્રત આદરવાની અને પંદર કર્માદાન ન આચરવાની પ્રભુ પાસે પ્રતિજ્ઞા લીધી.

પછી ભગવંત, આઠમા અનર્થદંડ વિરમણ વ્રત વિષે વિવેચન કરતાં બોલ્યા—" હે આણંદ ! જે કર્મથી લોકમાં ધર્મ, અર્થ અને કામ ન મેળવી શકાય, તે અનર્થદંડ કહેવાય છે. એ અનર્થદંડ ચાર પ્રકારે છે— (૧) પ્રમાદા ચરિત, (૨) અપધ્યાના ચરિત, (૩) હિંસાપ્રદાન, (૪) પાપકર્મોપદેશ-તેમાં જે પ્રમાદથી જીવહિંસા કરાય તે પ્રમાદા ચરણ કહેવાય, આર્ત્તરૌદ્રધ્યાનથી જે ચિંતવન કરાય, તે અપધ્યાના ચરિત કહેવાય. પ્રાણીઓનો વધ થાય એવા યંત્ર શસ્ત્ર, ખાંડણી, સાંબેલું, ઘાસ અને લાકડાં વિગેરે આપવાં તે હિંસાપ્રદાન કહેવાય. બીજાને પાપકર્મનો ઉપદેશ કરવો,

(૧૨) બળદ, ઘોડા વિગેરેને ખસી કરવા અથવા તેમના નાક કાન વીંધવા.

(૧૩) ખેતરમાં આગ લગાડવી.

(૧૪) સરોવર અથવા તળાવોને સુકવી દેવાં એટલે પોતાના ખેતરમાં ઘઉં વગેરે ધાન્ય વાવવાના હેતુથી તેમાં પાણી લઈ જવા માટે તળાવો ફોડી નાખવા

(૧૫) પોતાની આજીવિકા ચલાવવા માટે અસતી સ્ત્રીનું પોષણ કરવું.

પ્રથમના પાંચ અતિચાર અને આ પંદર કર્માદાનનો શ્રાવકે ત્યાગ કરવો જોઈએ.

આ વખતે આણંદ શ્રાવકે ભોગોપભોગ વ્રત આદરવાની અને પંદર કર્માદાન ન આચરવાની પ્રભુ પાસે પ્રતિજ્ઞા લીધી.

પછી ભગવંત, આઠમા અનર્થદંડ વિરમણ વ્રત વિષે વિવેચન કરતાં બોલ્યા—" હે આણંદ ! જે કર્મથી લોકમાં ધર્મ, અર્થ અને કામ ન મેળવી શકાય, તે અનર્થદંડ કહેવાય છે. એ અનર્થદંડ ચાર પ્રકારે છે—(૧) પ્રમાદાચરિત, (૨) અપધ્યાના ચરિત, (૩) હિંસાપ્રદાન, (૪) પાપકર્મોપદેશ–તેમાં જે પ્રમાદથી જીવહિંસા કરાય તે પ્રમાદાચરણ કહેવાય, આર્ત્તરૌદ્રધ્યાનથી જે ચિંતવન કરાય, તે અપધ્યાના ચરિત કહેવાય. પ્રાણીઓનો વધ થાય એવા યંત્ર શસ્ત્ર, ખાંડણી, સાંબેલું, ઘાસ અને લાકડાં વિગેરે આપવાં તે હિંસાપ્રદાન કહેવાય. બીજાને પાપકર્મનો ઉપદેશ કરવો,

તે પાપકર્મોપદેશ કહેવાય. એ વ્રતના પાંચ અતિચાર જાણવાના છે, પણ આચરવાના નથી.

(૧) કંદર્પ—તે કામ વિકાર ઉત્પન્ન થાય, તેવી વાણી બોલવી અથવા તો રાગના ઉછાળાથી હાસ્યવાળું અને મોહ ઉપજાવે તેવું મશ્કરીનું વચન બોલવું.

(૨) કૌકુચ્ય—તે હાસ્ય ઉત્પન્ન કરે તેવા અનેક પ્રકારના મુખ નેત્રની ચેષ્ટા કરવા પૂર્વક ભાંડ ચેષ્ટા કરવી.

(૩) મૌખર્ય—તે નિર્લજ્જપણે બોલતું ન આવે તેવું અસત્ય વચન બોલવું.

(૪) સંયુક્તાધિકરણ—તે કામ કરવાનાં સાધનો તૈયાર કરી રાખવાં, જેમ ખાંડણી, સાંબેલું, ધનુષ્ય, બાણ, હળ અને કુશ વિગેરે.

(૫) ઉપભોગ પરિભોગાતિરિક્ત—તે પોતાના ખપમાં આવતી વસ્તુ વધારે તૈયાર કરી રાખવી.

એ પાંચ અતિચાર આચરવાથી શ્રાવક પોતાના આઠમા વ્રતને દૂષણ લગાડે છે.

આ પ્રમાણે સાંભળતાં આણંદ શ્રાવકે ભગવંતની સમક્ષ આઠમું વ્રત નિરતિચારપણે પાળવાની પ્રતિજ્ઞા લીધી.

હવે ભગવંત ચાર શિક્ષાવ્રત વિષે વિવેચન કરતાં બોલ્યા—કે હે આણંદ ! ચાર શિક્ષાવ્રતમાં પ્રથમ સામાયિક

(૧૨) બળદ, ઘોડા વિગેરેને ખસી કરવા અથવા તેમના નાક કાન વીંધવા.

(૧૩) ખેતરમાં આગ લગાડવી.

(૧૪) સરોવર અથવા તળાવોને સુકવી દેવાં એટલે પોતાના ખેતરમાં ઘઉં વગેરે ધાન્ય વાવવાના હેતુથી તેમાં પાણી લઈ જવા માટે તળાવો ફોડી નાંખવા

(૧૫) પોતાની આજીવિકા ચલાવવા માટે અસતી સ્ત્રીનું પોષણ કરવું.

પ્રથમના પાંચ અતિચાર અને આ પંદર કર્માદાનનો શ્રાવકે ત્યાગ કરવો જોઈએ.

આ વખતે આણંદ શ્રાવકે ભોગોપભોગ વ્રત આદરવાની અને પંદર કર્માદાન ન આચરવાની પ્રભુ પાસે પ્રતિજ્ઞા લીધી.

પછી ભગવંત, આઠમા અનર્થદંડ વિરમણ વ્રત વિષે વિવેચન કરતાં બોલ્યા—" હે આણંદ ! જે કર્મથી લોકમાં ધર્મ, અર્થ અને કામ ન મેળવી શકાય, તે અનર્થદંડ કહેવાય છે. એ અનર્થદંડ ચાર પ્રકારે છે—(૧) પ્રમાદાચરિત, (૨) અપધ્યાના ચરિત, (૩) હિંસાપ્રદાન, (૪) પાપકર્મોપદેશ–તેમાં જે પ્રમાદથી જીવહિંસા થાય તે પ્રમાદાચરણ કહેવાય, આર્ત્તરૌદ્રધ્યાનથી જે ચિંતવન કરાય, તે અપધ્યાના ચરિત કહેવાય. પ્રાણીઓનો વધ થાય એવા યંત્ર શસ્ત્ર, ખાંડણી, સાંબેલું, પાસ અને લાકડા વિગેરે આપવા તે હિંસાપ્રદાન કહેવાય. બીજાને પાપકર્મનો ઉપદેશ કરવો,

નામ શિક્ષાવ્રત છે. સાવદ્યયોગનો ત્યાગ કરી એક મુહૂર્ત સુધી શુભધ્યાનમાં રહેવું તે સામાયિક શિક્ષાવ્રત કહેવાય.

"समणो इव सावओ हवइ जम्हा"

એટલે સામાયિક કરનાર શ્રાવક, સામાયિકમાં હોય, તેટલો વખત તે સાધુ સમાન ગણાય છે. એ વ્રત આરાધતાં શ્રાવક આત્મસુખની વાનગી અનુભવી શકે છે. એ વ્રતના પાંચ અતિચાર સમજવાના છે, પણ તે આચરવાના નથી.

(૧) મનમાં ખોટો વિચાર કરવો, (૨) ખરાબ બોલવું, (૩) શરીરને ખોટી રીતે પ્રવર્તાવવું (૪) સામાયિક લીધેલા વખતને ભૂલી જવું. (૫) આદર વિના સામાયિક કરવું.

એ પાંચ અતિચાર આચરવાથી શ્રાવક પોતાના નવમા વ્રતને દૂષિત કરે છે.

એ પ્રમાણે પ્રભુના મુખથી સાંભળીને આણંદ શ્રાવકે નિરતિચારપણે સામાયિક વ્રત પાળવાની ભગવંત પાસે પ્રતિજ્ઞા લીધી.

પછી બીજા શિક્ષાવ્રત માટે વિવેચન કરતાં ભગવંત બોલ્યા કે—"હે આણંદ! પૂર્વે જે નવ વ્રતોનું પરિમાણ કર્યું છે, તેમાંથી સંક્ષેપ કરવો, તે દેશાવગાશિક અથવા છઠ્ઠા દિશા પરિમાણ વ્રતના પ્રમાણને દિવસે દિવસે ઓછું કરવું તે દેશાવગાશિક વ્રત કહેવાય. એ વ્રત લેનાર શ્રાવક, પોતાની

ધારણા ઉપરાંતના ક્ષેત્રમાં જીવોને અભયદાન આપે છે. એ વ્રતના પાંચ અતિચાર ત્યાગ કરવાના છે.

(૧) ધારેલા દેશની ઉપરના દેશમાંથી કંઇપણ વસ્તુ મંગાવવી.

(૨) ધારેલા દેશની ઉપરના દેશમાં કંઇ પણ વસ્તુ મોકલવી.

(૩) ખુંખાર વિગેરે શબ્દથી કોઇને પોતાના ખબર આપવા.

(૪) પોતાનું સ્વરૂપ દેખાડી બીજાને પોતાના ખબર આપવા.

(૫) ધારેલા દેશની બહાર કાંકરો વિગેરે નાખી પોતાના ખબર આપવા.

એ પાંચ અતિચાર આચરવાથી શ્રાવક પોતાના દશમા વ્રતને દૂષિત કરે છે.

આણંદ શ્રાવકે તે વખતે ભગવંતની સમક્ષ એ વ્રત નિરતિચારપણે પાળવાનો નિયમ લીધો.

પછી ત્રીજા શિક્ષાવ્રત વિષે વિવેચન કરતા ભગવંત બોલ્યા કે—" હે આણંદ ! જેનાથી આત્માના ગુણને પોષણ મળે, તે પૌષધ વ્રત કહેવાય. એ અગ્યારમું પૌષધવ્રત ચાર પ્રકારે કહેલ છે. આહાર પૌષધ, શરીર સત્કાર પૌષધ, બ્રહ્મચર્ય પૌષધ અને અવ્યાપાર પૌષધ. એ વ્રતના પાંચ અતિચાર જાણવાના છે, પણ આચરવાના નથી.

ત્રીજું શિક્ષાવ્રત છે. પાપયોગનો ત્યાગ કરી, બે ઘડી સુધી શુભધ્યાનમાં રહેવું તે સામાયિક શિક્ષાવ્રત કહેવાય.

"... સમણો ઇવ સાવઓ હવઇ જમ્હા"

એટલે સામાયિક કરનાર શ્રાવક, સામાયિકમાં હોય, તેટલો વખત તે સાધુ સમાન ગણાય છે. એ વ્રત આરાધતાં શ્રાવક આત્મસુખની વાનગી અનુભવી શકે છે. એ વ્રતના પાંચ અતિચાર સમજવાના છે, પણ તે આચરવાના નથી.

(૧) મનમાં ખોટા વિચાર કરવા, (૨) ખરાબ બોલવું, (૩) શરીરને ખોટી રીતે પ્રવર્તાવવું (૪) સામાયિક [illegible] પૂરી [illegible] (૫) આદર વિના સામાયિક કરવું.

એ પાંચ અતિચાર આચરવાથી સામાયિક [illegible] વ્રતને દૂષિત કરે છે.

એ પ્રમાણે [illegible] નિરતિચારપણે સામાયિક વ્રત પાળવાની [illegible] પ્રતિજ્ઞા લીધી.

[illegible]

(१) शय्या अने संथाराना भूमिनुं पडिलेहण न क[illegible]
वुं अथवा अधुरुं करवुं.

(२) शय्या अने संथाराने न पुंजवुं अथवा ब[illegible]
बर न पुंजवुं.

(३) मात्रा विगेरे परठवानी भूमिनुं पडिलेहण [illegible]
करवुं अथवा अधुरुं करवुं.

(४) मात्रुं विगेरे परठवानी भूमिने न पुंज[illegible]
अथवा बराबर न पुंजवी.

(५) पोषध व्रत बराबर न पाळवुं, (भोजनादिक[illegible]
चिंता करवी.)

ए पांच अतिचार आचरवाथी श्रावक पोताना अग[illegible]
रमा व्रतने दूषण लगाडे छे."

पछी चोथा शिक्षाव्रतपर विवेचन करता भगव[illegible]
बोल्या के—"हे आणंद! साधु ते अतिथि कहेवाय. तेम[illegible]
दान आपवुं, ते अतिथिसंविभागव्रत कहेवाय न्यायथी मे[illegible]
वेला अन्न, पान विगेरे, देश, काळ, श्रद्धा, सत्कार, विगेरे[illegible]
क्रमसहित उत्कृष्ट भक्तिथी, आ लोक अने परलोकना सुख[illegible]
अपेक्षा न राखता अतिथि-साधु मुनिराजने जे अपाय, [illegible]
चोथुं शिक्षाव्रत छे, ए व्रतना पांच अतिचार समजवा[illegible]
छे, पण आचरवाना नथी.

(१) सचित्त पृथ्वी विगेरे उपर मुकेलुं अन्न पाणी दे[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

વિક પડિમા. (૪) પૌષધ પડિમા. (૫) કાયાત્સર્ગ પડિમા. (૬) મૈથુન ત્યાગ પડિમા. (૭) સચિત્ત ત્યાગ પડિમા. (૮) પોતે આરંભ કરવાના ત્યાગરૂપ પડિમા. (૯) બીજા પાસે આરંભ કરાવવાના ત્યાગરૂપ પડિમા. (૧૦) ઉદ્દેશીને કરેલા ભોજન વિગેરે પદાર્થોનો ત્યાગ કરવા રૂપ પડિમા. (૧૧) સાધુની પેઠે લોચ કરી તથા સાધુનો વેષ પહેરી પરિમિત ઘરથી આહાર લાવવારૂપ પડિમા.

હવે ત્રણેકાલ જિનપૂજન કરનાર, સમ્યગ્દર્શન સહિત અને શંકાદિ પાંચ દોષ રહિત આણંદ શ્રાવક દર્શન પડિમા તપ કરવા લાગ્યો. શંકા, કાંક્ષા, વિચિકિત્સા, કુલિંગિ પ્રશંસા અને કુલિંગિ પરિચય–એ પાંચ દોષોથી જે શ્રાવક મુક્ત હોય, તેમજ વ્રત વિગેરે ગુણો વિનાનો હોય, છતાં સમ્યગ્દર્શન સહિત હોય, તો તે પ્રથમ પડિમાયુક્ત સમજવો. ૧

સમ્યગ્દર્શન સહિત અતિચાર વિના પાંચ અણુવ્રત બે માસ સુધી પાળવા, તે બીજી વ્રતપડિમા કહેવાય. ૨

પૂર્વની વિધિ સહિત ત્રણ માસ સુધી હમેશાં સામાયિક કરવા, તે ત્રીજી સામાયિક પડિમા. ૩

પૂર્વની વિધિ સહિત ચાર માસ સુધી આઠમ, ચૌદશ, પૂનમ વિગેરે પર્વ તિથિના દિવસે પૌષધવ્રત કરવું, તે ચોથી પૌષધ પડિમા. ૪

પડિમાધારી શ્રાવકે પાત્ર લઈ કુટુંબીઓના ઘરે જઈને કહેવું કે—' પડિમાધારી એવા મને ભિક્ષા આપો. ' તે વખતે કોઈ પૂછે કે ' તું કોણ છે ? ' ત્યારે તે કહે કે—' પાંચ સમિતિથી સમિત અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવો હું સાધુઓનો ઉપાસક છું. ' પડિમાધારી લોચ અથવા મુંડન કરાવે.

એ પ્રમાણે આણંદ શ્રાવકે અગીયાર માસ સુધી સાધુનો આચાર બરાબર પાળ્યો, તેમજ નીચે નીચેની જે પ્રતિમા છે, તેની બધી ક્રિયા, ઉપર ઉપરની પ્રતિમા વિષે તેણે ધારણ કરી.

મહા ધીરજને ધારણ કરનાર આણંદ શ્રાવક એ રીતે અગીયાર પડિમાનું દુષ્કર તપ કરવાથી દુર્બળ થઈ ગયો. કઠિન તપશ્ચર્યાથી તેનું શરીર જેમ જેમ ક્ષીણ થતું ગયું, તેમ તેમ તેનું મનોબળ વધવા લાગ્યું. આ વખતે પોતાના શરીરબળને ક્ષીણ થયેલ જાણીને તેણે સંલેખના કરી અનશન વ્રત લીધું. એટલે અખંડ વૈરાગ્યના યોગથી આણંદ શ્રાવકને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. એ અવધિજ્ઞાનનાં બળથી તે, પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં લવણ સમુદ્રમાં પાંચસેં પ્રમાણ ક્ષેત્ર જોવા લાગ્યો. ઉત્તર દિશામાં હિમવંત પર્વત અને નીચે અધોલોકમાં લોલુક નામે નરકાવાસ તેણે જોયો; તેમજ ઉર્ધ્વલોકમાં સૌધર્મ દેવલોક જોયો, આથી તેનો મોહ દૂર થઈ ગયો.

એવામાં ચરમ તીર્થાધિરાજ શ્રી મહાવીર ભગવંત ત્યાં પધાર્યા, તે વખતે પૂર્ણ શ્રુતજ્ઞાની અને વિવિધ લબ્ધિવાળા શ્રી

એ પ્રમાણે આણંદ શ્રાવકના કથનથી ગૌતમસ્વામીને સંશય થતાં તેમણે ભગવંતને પૂછયું—' ભગવન્! મારૂં વચન સત્ય છે કે આણંદ શ્રાવકનું વચન સત્ય છે ?'

ભગવંત બોલ્યા—' હે ગૌતમ! તે જૂઠ્ઠું ભાખ્યું. આણંદ શ્રાવકનું વચન સત્ય છે.' તે સાંભળી ગૌતમસ્વામીએ આણંદ શ્રાવક પાસે જઈ મિથ્યાદુષ્કૃત દઈને તેને ખમાવ્યા. અહો! મોટાઓનું ચરિત્ર પણ આશ્ચર્યકારી છે, કે જેને ગણધર શ્રી ગૌતમસ્વામીએ પણ ખમાવ્યા. પછી આણંદ શ્રાવકને શાંતિ પૂછીને શ્રી ગૌતમસ્વામી વીર પ્રભુ પાસે આવ્યા.

આણંદ શ્રાવક વીશ વર્ષ સુધી જિનધર્મ પાળી, શ્રાવકની અગીયાર પડિમા વહન કરી, સંલેખના અને આલોચના કરી, પંચ પરમેષ્ઠીના સ્મરણ સાથે શુભ ધ્યાનમાં રહી, છેવટે એક માસના અનશનથી કાળ કરી, સૌધર્મ દેવલોકના અરૂણાભ નામના વિમાનમાં તે ચાર પલ્યોપમના આયુષ્યવાળો મહાસમૃદ્ધિમાન્ દેવ થયો.

હવે એકદા ગૌતમસ્વામીએ શ્રીવીરપ્રભુને પ્રણામ કરીને પ્રશ્ન કર્યો કે—' હે ભગવન્! આણંદ શ્રાવક, અહીંથી કાળ કરીને ક્યાં ઉત્પન્ન થયો ?'

ભગવંત—' હે ગૌતમ! આણંદ શ્રાવક અહીંથી કાળ કરીને પહેલાં દેવલોકના અરૂણાભ નામના વિમાનમાં ચાર

એ પ્રમાણે આણંદ શ્રાવકના કથનથી ગૌતમસ્વામીને સંશય થતાં તેમણે ભગવંતને પૂછ્યું—'ભગવન્ ! મારું વચન સત્ય છે કે આણંદ શ્રાવકનું વચન સત્ય છે ?'

ભગવંત બોલ્યા—'હે ગૌતમ ! તે ગૃહસ્થ શ્રાવક આણંદ શ્રાવકનું વચન સત્ય છે.' તે સાંભળી ગૌતમસ્વામીએ આણંદ શ્રાવક પાસે જઈ મિથ્યાદુષ્કૃત દઈને તેને ખમાવ્યા. અહો ! મોક્ષાર્થી પુરૂષોનું ચરિત્ર પણ આશ્ચર્યકારી છે, કે જેને ગણધર શ્રી ગૌતમસ્વામીએ પણ ખમાવ્યા. પછી આણંદ શ્રાવકને શાંતિ પૂછીને શ્રી ગૌતમસ્વામી વીર પ્રભુ પાસે આવ્યા.

આણંદ શ્રાવક વીશ વર્ષ સુધી જિનધર્મ પાળી, શ્રાવકની અગીયાર પડિમા વહન કરી, સંલેખના અને આલોચના કરી, પંચ પરમેષ્ઠીના સ્મરણ સાથે શુભ ધ્યાનમાં રહી, છેવટે એક માસના અનશનથી કાળ કરી, સૌધર્મ દેવલોકના અરૂણાભ નામના વિમાનમાં તે ચાર પલ્યોપમના આયુષ્યવાળો મહાસમૃદ્ધિમાન્ દેવ થયો.

હવે એકદા ગૌતમસ્વામીએ શ્રીવીરપ્રભુને પ્રણામ કરીને પ્રશ્ન કર્યો કે—'હે ભગવન્ ! આણંદ શ્રાવક, અહીંથી કાળ કરીને ક્યાં ઉત્પન્ન થયો ?'

ભગવંત—'હે ગૌતમ ! આણંદ શ્રાવક અહીંથી કાળ કરીને પહેલાં દેવલોકના અરૂણાભ નામના વિમાનમાં ચાર

પલ્યોપમના આયુષ્યવાળો મહા-સમૃદ્ધિમાન દેવ થયો છે. ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમ કુળને વિષે ઉત્પન્ન થશે. ત્યાં ચારિત્રથી કેવળજ્ઞાન પામી તેજ ભવે મોક્ષપદને પામશે.'

હે ભવ્ય જનો ! આ આણંદ શ્રાવકનું ચરિત્ર સાંભળી વૈરાગ્ય વાસનાથી વાસિત થઈ પ્રમાદ રહિત જિનધર્મ પાળવા તમે ઉદ્યમવંત થાઓ."

ઇતિ આણંદ શ્રાવક ચરિત્ર.



કામદેવ શ્રાવક.

[illegible]

તીર્થનાયક શ્રી મહાવીર સ્વામી પધાર્યા છે; તેમને વંદન કરવાને અમે જઈએ છીએ, ' આ સમાચાર નગરીના ચારે ખુણામાં ફરી વળ્યા છે. અત્યારે વિલંબ કરવાનો અવસર નથી. ' એમ બોલતા નાગરિક જનો વેગથી જવા લાગ્યા. પ્રભુના આગમનના ખબરથી કામદેવ શેઠના આનંદનો પાર ન રહ્યો. તે અપૂર્વ શાંતિનો અનુભવ કરવા લાગ્યો. તેના રોમાંચ ખડાં થઈ ગયાં તેણે તરતજ પોતાના ઘરે આવીને તે વાત પોતાના કુટુંબીઓને જણાવી પછી મોટા આડંબરથી કામદેવ શેઠ ભગવંતને વંદન કરવા ચાલ્યો. તે વખતે તેના અંતરમાં હર્ષ સમાતો ન હતો. ભગવંતના સમવસરણને નજરે નિહાળતા તેણે શિરસાવંદન કર્યું. પછી સત્વર પ્રભુની સન્મુખ આવી ત્રણ પ્રદક્ષિણા પૂર્વક વંદન કરીને તે ધર્મદેશના સાંભળવા બેઠો. તે અવસરે ભગવંત નીચે પ્રમાણે ધર્મોપદેશ આપી રહ્યા હતા—

" હે ભવ્યાત્માઓ ! મનુષ્ય દેહ પ્રાપ્ત થયા છતા તેની કીંમત ન સમજનારા મોહાંધ જીવો ધામ, ધરા, ધન અને રમણીના રંગમા રક્ત થઈને માનવભવ વૃથા ગુમાવી બેસે છે. જેમ કામકુભ હાથમાથી ગયા પછી માણસ પસ્તાવાના પ્રબળ પ્રવાહમા તણાય છે, તેમ માનવભવને ગુમાવ્યા પછી જીવ ખિન્ન થાય છે. એક એક ઇંદ્રિયના વિષયમા રક્ત થતા હસ્તિ, મત્સ્ય, ભ્રમર, પતંગ અને મૃગ જેમ પોતાના પ્રાણ બરબાદ કરે છે, તો પાચે ઇંદ્રિયોના પ્રબળ વેગમાં પડતા

અર્થ ગ્રહણ કરનારા તો કોઈ વિરલાજ જોવામાં આવે છે. એ હેતુ ફલીભૂત થવામાં આડે આવનાર મનુષ્યની અજ્ઞાનતા છે. એ અજ્ઞાનતા કયા હેતુથી ટકે, તેની બરાબર વિચારપૂર્વક શોધ કરવાની જરૂર છે. નિશ્ચયવૃત્તિ અને શાસ્ત્રાધ્યયન તેમજ સત્સમાગમથી એ અજ્ઞાનતા દૂર થાય છે. જેટલે અંશે અજ્ઞાનતાનો નાશ થાય છે, તેટલે અંશે આત્મજ્ઞાન કે અધ્યાત્મદશાનો વિકાસ થાય છે. તેનો અનુભવ શબ્દોમાં ન આવે, પણ જાતે સમજી શકાય છે. આની ઉંચી દશા આત્મનિષ્ઠા કે વિષય વિરક્તતા વિના પ્રાપ્ત થઇ શકતી નથી. હે ભવ્યો ! જૈનધર્મનું સ્વરૂપ બરાબર સમજી તેમાં અચલ શ્રદ્ધા અને વર્ત્તન રાખવાથી તેવી અદ્ભુત દશાનો અનુભવ થાય છે."

ઇત્યાદિ ભગવંતની દેશના સાંભળતાં કામદેવ શેઠને અસાધારણ અસર થઇ. પોતે સાધુધર્મનો સ્વીકાર કરવાને અસમર્થ હોવાથી તેણે શ્રાવકધર્મ આદરવાનો નિશ્ચય કર્યો. તરત તેણે અંજલિ જોડીને પ્રભુને વિનંતી કરી કે—'હે નાથ ! આપ જેવા નિર્યામક મળ્યા છતાં મારૂં નાવ સંસાર સાગરમાં ગોથાં ખાય એ કેમ બને ? હે નાથ ! હું યતિધર્મનો ભાર ઉપાડવાને અસમર્થ છું. તો મને શ્રાવકધર્મના સમ્યક્ત્વ મૂલ બારવ્રત આપીને કૃતાર્થ કરો.'

કામદેવની એ વિનંતિ સાંભળી તેને યોગ્ય જાણીને ભગવંતે શ્રાવકધર્મનો સ્વીકાર કરાવ્યો. આણંદ શ્રાવકની જેમ શ્રાવકધર્મ આદરી પ્રભુને વંદન કરીને કામદેવ પોતાના

ઘરે આવ્યો. ત્યાં ભદ્રાને શ્રાવકધર્મ સ્વીકારવાની વાત કહીને તેણે કહ્યું—'હે કલ્યાણી! મહાવીર જેવા આપણા નાથ છતાં જો શ્રાવકધર્મથી આપણે કમનશીબ રહીએ, તો માનવ-જન્મ પામ્યાનું આપણને ફળ શું? માટે હે ભદ્રે! તું પણ પ્રભુની પાસે શ્રાવિકાધર્મ અંગીકાર કરીને કૃતકૃત્ય થા. આવો અવસર વારંવાર આપણને મળવાના નથી.' પોતાના સ્વામિનાથની આ સૂચના ભદ્રાને આનંદદાયક થઇ પડી. તેણીએ તત્કાળ પ્રભુ પાસે આવીને વંદનપૂર્વક શ્રાવિકાધર્મના સ્વીકાર કરવાની ભગવતને વિનંતી કરી. એટલે પ્રભુએ ભદ્રાને પ્રથમ સમ્યકત્વ સાથે બારવ્રતની સમજ પાડી, પછી તેણીને બારવ્રત ઉચ્ચરાવ્યા. આથી ભદ્રા પોતાના આત્માને કૃતાર્થ માનતી તે પોતાના ઘરે આવી. તેણીએ શ્રાવકધર્મ આદર વાથી કામદેવ શેઠ બહુજ પ્રસન્ન થયો.

એ પ્રમાણે શ્રાવકધર્મ પાળતાં કામદેવને ચૌદ વર્ષ વ્યતીત થયા. એકદા તેણે એકાંતમાં ધર્મધ્યાન કરતા વિચાર કર્યો કે—'આટલા વર્ષ સુધી શ્રાવકધર્મ પાળતા મેં મારા કુટુંબનું ભરણ પોષણ કર્યું. હવે શ્રાવકની અગીયાર પડિમા ધારણ કરીને હું મારા આત્માને વધારે ધર્મમય બનાવું. સંસારના વ્યવહારથી આત્માને મુક્ત કરી યતિધર્મના પાન ગીરૂપ નિવૃત્તિનો કંઈક અનુભવ કરૂં.' એમ ધારીને બીજે દિવસે તેણે પોતાના સ્વજન સંબંધીઓને બોલાવ્યા અને ભોજનાદિકથી તેમને સારી રીતે સંતુષ્ટ કરીને તેણે પોતાના





પછી કામદેવ શ્રાવક પ્રભાતે કાર્યોત્સર્ગ પાળી, જિનેશ્વરને ત્યાં સમવસરેલા જાણીને તેમને વંદન કરવા ગયો. પ્રભુને વંદન કરીને તે યોગ્ય સ્થાને બેઠો. ભગવંતે ધર્મોપદેશ આપ્યો. દેશનાને અંતે દેવ અને મનુષ્યોની સભા સમક્ષ વીર પરમાત્માએ કામદેવને કહ્યું—' હે કામદેવ ! ગઈ રાત્રે કોઈ દેવતાએ પ્રગટ થઈને તને બહુ ઉપસર્ગો કર્યા, તે ઉપસર્ગોને તેં દ્દઢતાથી શાંત મન રાખીને સહન કર્યા. પ્રથમ તેણે પિશાચનું રૂપ ધરીને તને સતાવ્યો. પછી હાથીનું રૂપ ધરી સુંઢવતી તને તેણે આકાશમાં ઉછાળ્યો, ત્યાંથી પડતાં તને દાંત વતી વીંધ્યો અને પગવતી કચર્યો. આ બધી વેદના સહન કરતાં પણ તું ધર્મધ્યાનથી ચલાયમાન ન થયો. છેવટે તે દેવતાએ સર્પનું રૂપ કરી તારા શરીરે ચડી, ગળે ત્રણ આંટા દઈને તને ડંખ માર્યો. તેથી તારા શરીરે વેદના થયા છતાં તું ધર્મથી જરા પણ ડગ્યો નહિ. પછી તે દેવતા હાર્યો, એટલે પોતાનું દિવ્યરૂપ પ્રગટ કરી, તને પ્રશંસી અને ખમાવીને તે પોતાના સ્થાને ચાલ્યો ગયો. "

એ પ્રમાણે કામદેવ શ્રાવકને કહીને ફરી જિનેશ્વર બોલ્યા—" હે સાધુઓ ! હે સાધ્વીઓ ! શ્રમણોપાસક શ્રાવકો પણ તિર્યંચ, મનુષ્ય અને દેવતાએ કરેલા ઉપસર્ગો સહન કરે છે. ઉપદેશમાળામાં કહ્યું છે કે—' કામદેવ શ્રાવક દેવતાના ઉપસર્ગથી પણ ચલાયમાન થયો નહિ.' માટે સાધુ પુરૂષોએ તો ઉપસર્ગોને વિશેષ રીતે સહન કરવા. "



ચુલણીપિતા શ્રાવક.



આ ભારતની ભવ્ય ભૂમિમાં વારાણસી નામે નગરી છે. ત્યાં શત્રુઓને તાબે કરનાર જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો, તે નગરીમાં ચુલણીપિતા નામે એક ગૃહસ્થ રહેતો હતો. તેને શ્યામા નામે એક સુંદર સ્ત્રી હતી, જેને પતિસેવા બહુ પ્રિય હતી, શ્યામા જેમ અસાધારણ લાવણ્યવતી હતી, તેવીજ તે ગુણવતી પણ હતી. આથી તે શેઠનો ગૃહસંસાર એક નમુનેદાર બન્યો હતો, ચુલણીપિતા શેઠ બહુ ધનવાન હતો. તેણે આઠ કરોડ સોનામહોરો પૃથ્વીમા નિધાનરૂપે દાટી રાખેલી હતી, આઠ કરોડ સોનામહોર વ્યાપારમાં અને એક કરોડ વ્યાજે મૂકેલી હતી તેના ઘરે આઠ ગોકુળ હતાં, આ સિવાય પણ આણંદ શ્રાવકની જેમ તેના ઘરે લક્ષ્મીનો વિસ્તાર સારો હતો એ રીતે અખુટ સંપત્તિમાં પોતાની વનિતા સાથે તે શેઠ, વિવિધ સાંસારિક સુખ ભોગવતા કાલ નિર્ગમન કરતો હતો.

એક દિવસે વિહારથી વસુધાતલને પાવન કરતા શ્રી

વર્દ્ધમાનસ્વામી વાણારસી નગરીના ઉપવનમાં આવેલા કોષ્ઠક ચૈત્યને વિષે સમોસર્યા. દેવતાઓએ ત્યાં સમવસરણ રચ્યું. તેમાં બારે પર્ષદાઓ એકત્ર થઇ. શ્રી જિનેશ્વરના આગમનને જાણી ચુલણીપિતા શેઠ પણ અત્યંત આનંદ પામતો ત્યાં આવ્યો અને ભગવંતને અતુલ ભાવથી વંદન કરીને ધર્મોપદેશ સાંભળવા બેઠો. વીર પ્રભુએ ધર્મદેશના આપતાં જણાવ્યું કે—

"હે ભવ્ય જીવો ! ધામ, ધરા, ધન, યૌવન, કુટુંબ, સ્ત્રી અને દેહાદિક એ સર્વને અનિત્ય સમજીને તમે જૈન ધર્મનો આદર કરો. તે સાધુધર્મ અને શ્રાવકધર્મ એમ બે પ્રકારનો છે. ઉત્તમ પ્રકારે આદરેલો ધર્મ આ લોક અને પરલોકના સુખો આપે છે. જે મનુષ્ય, જિનધર્મરૂપ અમૃત કુંડમાં નિરંતર સ્નાન કરે છે, તે બહુ પાપથી મલિન છતાં સત્વર પવિત્ર થાય છે. પ્રબળ ધૈર્યને મેળવી તૃષ્ણારૂપ પિશાચિનીનો મૂળથી નાશ કરવા પ્રયત્ન કરો. બાહ્ય ધની ખોટી વાસનાઓને અટકાવી હૃદયને હમેશાં પવિત્ર રાખો. પોતે અભિમાનમાં આવીને અન્યને હલકા પાડવાની મનમાં ધારણા ન કરો, શાન્ત અને ગંભીર વૃત્તિથી તમારી જીવનદોરી ચલાવે જાઓ, એજ પરમ ઉન્નતિ અને આધ્યાત્મિક તત્ત્વોનું રહસ્ય છે. જે આત્મશક્તિનો વિકાસ માનવજીવનમાંથી મેળવી શકાય છે, તે દેવતાની જીંદગીમાંથી કદી પણ મેળવી શકાતો નથી. આ હકીકતને ધ્યાનમાં લઇ હે ભવ્યાત્માઓ ! તમે

પ્રમાદી થયો નહિ, અજ્ઞાનરૂપ નિદ્રામાંથી જાગૃત થઈને તું આત્મજ્ઞાનની સન્મુખ થાઓ. માનવજીવનની એક ક્ષણ પણ નકામી જવા દેશો નહિ. તે એક ક્ષણની કીંમત કોહિનૂર કરતાં પણ વધારે છે. જે મનુષ્ય આપત્તિના સમયે દઢ રહે છે અને આપત્તિઓમાંથી પાછો હઠતો નથી, પણ ધીરતા અને ગંભીરતા પૂર્વક સામે ધસે છે, તેજ પોતાના આત્મજગતમાં વિચરી શકે છે જે નરવીર આપત્તિઓમાં પોતાની ધીરતા અને ગંભીરતા મૂકતો નથી, અને સંપત્તિઓ પ્રાપ્ત થતાં હર્ષ વેગથી વ્યાકુળ થતો નથી તથા ઉદ્ધતાઈ વિગેરે દુર્ગુણોથી પોતાના આત્માને દૂર રાખે છે, તેજ મનુષ્ય આત્મજ્ઞાનનો અધિકારી થઈ શકે છે. આત્મજ્ઞાન થતાં સમભાવ પ્રગટ થાય છે. કોઈ પ્રાણી આપણું બુરૂં કરવા સમર્થ નથી. જે કંઈ થાય છે, તે પૂર્વકર્મનું ફળ છે, તે કર્મ પોતાનાજ કરેલા છે, માટે એવા પ્રસંગે આનંદ માનવોજ ઉચિત છે. શુભ કે અશુભ કર્મો ભોગવતાં જાય, તે વખતે ચિત્તની સમતાભાવે નિશ્ચલતા રહે, ત્યારેજ પૂર્વકૃત કર્મનો ક્ષય થાય એટલે નિર્જરા ગુણ પ્રગટ થાય છે. જેઓ પ્રાપ્ત થયેલા કીંમતી સમયને સાધતા નથી અને ધન, યૌવન અને પ્રભુતાના મદમાં મસ્ત થઈ પોતાના હિતમાર્ગથી પતિત થાય છે, તેમને છેવટે પશ્ચાત્તાપ કરવો પડે છે. કહ્યું છે કે:—

अर्थाः पादरजोपमा गिरिनदीवेगोपमं यौवन,
आयुष्यं जललोलबिंदुचपलं फेनोपमं जीवितम् ॥

આપે છે માટે." પતિના હિતવચનથી શ્યામા બહુજ સંતુષ્ટ થઇ. તેણીએ તુરતજ પ્રભુ પાસે જઇને શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. પછી ભગવંતને વિનય પૂર્વક ભાવથી વંદના કરીને તે પોતાના ઘરે આવી. એ રીતે શ્રાવકધર્મ પાળતાં ચુલનીપિતાને ચૌદ વર્ષ વ્યતીત થયાં.

એકદા તેને વિચાર આવ્યો કે—"આ કુટુંબનો ભાર મેં આટલો વખત ઉપાડયો. હવે હું પડિમાવહનરૂપ શ્રાવકધર્મને આદરૂં. કહ્યું છે કે—

" कालक्षेपो न कर्तव्यः, आयुर्याति दिने दिने ॥
न करोति यमः क्षांतिं, धर्मस्य त्वरिता गतिः " ॥१॥

અર્થ:—આયુષ્ય દિવસે દિવસે ઓછું થતું જાય છે, માટે કાલક્ષેપ કરવો—તે સુજ્ઞ જનોને ઉચિત નથી, તેમ યમરાજા ક્ષમા કરે તેમ નથી. વળી ગયો વખત ધર્મને માટે પાછો મળતો નથી.

સાંસારિક મોહજાળમાં વધારે લુબ્ધ થતાં કેક કુરાજ પુરૂષો આયુષ્યના અંતસુધી પણ તેમાંથી ઉગરી શકયા નથી. તો હવે વૃથા કાલક્ષેપ કરીને હું મારા અમૂલ્ય આયુષ્યને શા માટે ગુમાવું ?" એમ ધારી તેણે પૌષધશાળામાં જઇને શ્રાવકની અગ્યાર પડિમા આણંદશ્રાવકની જેમ વહન કરી.

એક દિવસે અર્ધરાત્રે ચુલનીપિતા જિનધ્યાનમાં મગ્ન હતો, તેવામાં કોઇ દેવતાએ હાથમાં તરવાર લઇ ત્યાં આવીને તેને

ચલાયમાન ન થયો, એટલું જ નહિ પણ તેના ધર્મધ્યાન મારા પ્રભાવ કરતાં પણ અધિક અધિક વધેલા લાગી.

દેવતાએ ફરી તેને કહ્યું-' અરે દુષ્ટ ! આટલું ક અને કર્યા છતાં તું તારા કદાગ્રહને મૂકતો નથી. શું પુ કરતાં પણ ધર્મ તને વધારે વ્હાલો થઇ પડયો છે ? આ ખોટા આગ્રહથી તેં તારા કુળનો નાશ કર્યો. 'સ્વાર્થભ્રષ્ટો મૂર્ખતા ' સ્વાર્થથી ભ્રષ્ટ થવું, એજ મોટામાં મોટી મૂર્ખત છે. હજી પણ જો તું મારૂં કથન નહિ માને, તો તારા દે શરૂ સમાન તારી ભદ્રા માતાને મારી નાખીશ અને તેન લોહી-માંસનું તારા શરીરે સિંચન કરીશ. તેથી આર્ત્તધ્યા નમાં પડીને તું દુર્ગતિમાં પડીશ. અરે હઠીલા ! મારૂં વચન માની તીર્થરૂપ તારી માતાને બચાવ, નહિ તો પાછળથી તને પસ્તાવું પડશે. ' એમ દેવતાએ કહ્યું છતાં ચુલનીપિતા પોતાના ધ્યાનથી ચલિત ન થયો, એ પ્રમાણે દેવતાએ બે ત્રણ વાર કહ્યું, એટલે ચુલનીપિતા મનમાં ચિંતવવા લાગ્યો કે-'આ કોઇ અનાર્ય-નિર્દય પુરૂષ લાગે છે, તેથી એ અયોગ્ય કામ કરી નાંખશે, જે પાપીએ મારા મોટા પુત્રને મારી તેના માંસ લોહીથી મારા શરીરને લેપ કર્યો એવી રીતે તેણે મારા ત્રણ પુત્રોને પણ મારી નાખ્યા. હવે એ દુષ્ટ દેવ ગુરૂ સમાન મારી માતાને મારશે, માટે હું તેને સત્વર પકડી લઉં, વિના કારણે પોતાની દુષ્ટતાથી તેણે એ ક્રૂર કર્મ કર્યું, હવે તેવા પાપકર્મથી હું તેને બચાવી લઉં. ' એમ વિચાર કરતો

પવનથી ડગડગાયમાન થાય, સમુદ્રો પોતાની મર્યાદા મૂકી[illegible]
અને સૂર્ય કદાચ પશ્ચિમ દિશામાં ઉગે છતાં દઢધર્મી આવકો[illegible]
પોતાના વ્રતમાં અચલ રહે છે.

માતાનાં આવાં વચનથી ચુલનીપિતા બરાબર સાવધાન
થઈ ગયો. તે પોતાના અંતરમાં પશ્ચાત્તાપ કરવા લાગ્યો. [illegible]
બીજી વાર તેમ ન થાય તેને માટે તેણે પોતાના મનને વધા[illegible]
દઢ કર્યું. પછી ગુરૂ પાસે જઈ આલોચના લઈને તેણે તપ[illegible]
આદર્યું. આણંદ શ્રાવકની જેમ તેણે અગીયાર પડિમા બરાબ[illegible]
વહન કરી છેવટે સંલેખના કરી, સર્વ જીવોને ખમાવી અન[illegible]
શન પૂર્વક શુભધ્યાનથી મરણ પામીને ચુલનીપિતા સૌધર્મ[illegible]
દેવલોકમાં અરૂણપ્રભ નામના વિમાનમાં ચાર પલ્યોપમન[illegible]
આયુષ્યવાળો દેવતા થયો.

એકદા ગૌતમ સ્વામીએ શ્રીવર્ધમાન સ્વામીને પૂછ[illegible]
કે—"હે ભગવાન ? ચુલનીપિતા દેવલોકથી ચવીને ક[illegible]
ગતિ પામશે. !" ત્યારે ભગવંત બોલ્યા—"હે ગૌતમ ! [illegible]
ચુલનીપિતા શ્રાવકનો આત્મા પ્રથમ દેવલોકથી ચવી મહ[illegible]
વિદેહક્ષેત્રમાં ઉત્તમ કુળ પામી ચારિત્ર ગ્રહણ કરીને પંચ[illegible]
ગતિને પામશે.

ઇતિ ચુલનીપિતા શ્રાવક ચરિત્ર.





સુરાદેવ શ્રાવક.



જંબુદ્વીપમાં આ ભરતભૂમિના આભૂષણ સમાન વારાણસી નામે નગરી છે, ત્યાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. શત્રુઓ પર જીત મેળવીને તેણે પોતાના નામને સાર્થક કર્યું હતું. પ્રજાને ન્યાય આપવામાં તે રામચંદ્ર સમાન ન્યાયી હતો. તેના પ્રખર પ્રતાપથી પ્રજામાંથી અનીતિ નાશ પામી હતી. તે નગરીમાં સૂરાદેવ નામનો શેઠ વસતો હતો તે બહુ ધનવંત અને ધર્મિષ્ઠ હતો. દાનથી તેણે અસાધારણ ખ્યાતિ મેળવી હતી. કહ્યું છે કે—

बुद्धे फलं तत्वविचारणं च, देहस्य सारं व्रतधारणं च ।
अर्थस्य सारं किल पात्रदानं, वाच फलं प्रीतिकरं नराणाम ॥१॥

અર્થ:—તત્વનું ચિંતન કરવું તે બુદ્ધિનું ફલ છે. વ્રત ધારણ કરવું તે દેહનું ફલ છે, સુપાત્રને દાન આપવું તે ધનનું ફલ છે અને માણસોમાં પ્રીતિ ઉપજાવવી તે મધુર વાણીનું ફલ છે.

આ ચારે ગુણો સુરાદેવ શેઠમાં હતા અને તેથી પ્રજાવર્ગમાં તે બહુ પ્રિય થઈ પડ્યો હતો. સંપત્તિને લઈને તે રાજમાન્ય થયો હતો. સુરાદેવને ધન્ના નામે સ્ત્રી હતી, તે કનકના બાહ્ય ભૂષણો કરતાં સદગુણ–અલંકારથી વધારે શોભતી હતી. પતિભક્તિમાં તે અત્યંત પ્રીતિ રાખતી હતી, સાધર્મિભક્તિ, દીનોની સેવા–બન્દાસ્ત વિગેરે કરવામાં પણ તેહીનો ઉત્સાહ પ્રતિદિન અધિક અધિક વધતો જતો હતો, સુરાદેવ શેઠે છ કરોડ સોનામહોર વેપારમાં જોડી હતી અને છ કરોડ પૃથ્વીમાં નિધાનરૂપે રાખી હતી. તેના ઘરે છ ગોકુલ હતાં, એ રીતે સમૃદ્ધિમાં સુખ ભોગવતો તે કાલ નિર્ગમન કરતો હતો.

એકદા નગરીની બહાર કુષ્ટક ચૈત્યમા શ્રી મહાવીર સ્વામી પૃથ્વીને પાવન કરતા પધાર્યા. દેવતાઓએ ત્યાં સમવસરણ રચ્યું. એવામાં સૂરાદેવને પ્રભુના આગમનના સમાચાર મળતા તે અત્યંત હર્ષિત થઈને ત્યાં પ્રભુને વંદન કરવા આવ્યો. ત્રણ પ્રદક્ષિણાપૂર્વક ભગવંતને વંદન કરી, તે બાર પર્ષદામા ઉચિતાસને બેઠો. તે વખતે શ્રી વર્ધમાન સ્વામીએ ધર્મદેશના આપતા જણાવ્યું કે.—

" હે ભવ્યજનો ! ક્ષુધાતુર માણસ જેમ રસવતીને માટે પ્રયત્ન કરે, દરિદ્રાવસ્થામા દબાઈ ગયેલ માણસ જેમ ધન મેળવવા મથન કરે, ભક્ત જન જેમ ભગવંતની ભક્તિ કરવા ઉત્સુક હોય અને સંસારી જેમ સંસારના ભોગ વૈભવમાં પો-

ને સ્તનપાન કર્યું, તેની ગણત્રી કરવા જતાં તે બધાં સમુદ્ર કરતાં વધી જાય. જીવિત સંધ્યાના રંગ સમાન ક્ષણિક છે, જળતરંગ જેવું અથવા તો ડાભના અગ્રભાગે રહેલા જળબિંદુ સમાન અસ્થિર છે, યૌવન તે નદીના વેગ જેવું ચપળ છે, એમ સાક્ષાત્ જોવા છતાં પાપકર્મમાં પ્રવૃત્ત અને રક્ત થયેલો જીવ ચેતતો નથી ! અને પોતાના હાથે પોતાનું અહિત આચરે છે. સ્ત્રીના જઘનાદિક અશુચિ સ્થાનથી સુજ્ઞ જન દુર્ગંછા પામે છે, જ્યારે તેવાં અશુચિ સ્થાનની કામી જનો અભિલાષા કરે છે. મોહમૂઢ જનોની આ સાક્ષાત્ પ્રતિકૂળ પ્રવૃત્તિ છે, સર્વ દુઃખને પેદા કરનાર અને મહા દુઃખદાયિ એવા પરસ્ત્રી ગમનાદિ અનેક દોષોને ઉપજાવનાર એક કામરૂપ મહાગ્રહ છે. એ દુષ્ટ કામ-ગ્રહથી જગતમાત્ર પરાભવ પામ્યુ છે. જે કામાંધ બની વિષય સેવે છે, તે તૃપ્તિ પામતો નથી. શરીરબળને ગુમાવે છે, વીર્યહીન થાય છે, અંતરમાં ઉદ્વેગ પામે છે, તેમ સ્વચ્છંદ આચરણથી ક્ષયરોગ, પ્રમેહ અને ચાંદી વિગેરે અનેક રોગો તેને ઘેરી લે છે. જેમ ખાજરોગથી પીડાયેલ માણસ ખાજને ખણતાં થતા દુઃખને સુખ માની લે છે, તેમ મોહમૂઢ મનુષ્યો કામભોગમાં થતી વિડંબનાને સુખ માને છે, કામાંધ જીવ વિષય સુખનેજ સારભૂત માને છે. જ્ઞાની અને વિવેકી મહાત્માઓ વિષયને હલાહલ ઝેર સમજે છે, વિષયરૂપ ઉગ્રઝેરનું પાન કરનાર પ્રાણી, તેના ભયંકર પરિણામથી અનંત દુઃખને પામે છે, અને મહા માઠા પરિણામથી મરણ પામીને તે દુર્ગતિમાં જઈને પડે છે.

મેલી અંદર આવી અને પોતાના પતિને કહેવા લાગી કે– "હે આર્ય પુત્ર ! તમે આમ કોલાહલ કેમ કરી રહ્યા છો ? શું ધર્મધ્યાન કરતાં તમને કાંઈ વિઘ્ન ઉપસ્થિત થયું ? કે તમારાં શરીરે કંઈ બાધા થઈ આવી ? આવું તમે ધર્મ સાધનમાં કોઈવાર કર્યું નથી અને આજ અચાનક તમને શો ભય ઉત્પન્ન થયો ?" ત્યારે સૂરાદેવે વીતેલ વાત બધી પત્નીને કહી સંભળાવી. એટલે પત્ની આશ્ચર્ય પામતી બોલી–" હે સ્વામિન્ ! તેં આપણા ચારે પુત્રો તો પોતાના ઠેકાણે સૂતા છે. અને વળી તમારા શરીરમાં પણ કોઈ રોગ દાખલ કરી શકે તેમ નથી. આ તો કોઈ દેવતાએ છળ કરીને તમને ઉપસર્ગ કર્યો લાગે છે. એવા છિદ્રાન્વેષી દેવો ઘણીવાર આવીને ધર્મસાધક જનોને વિઘ્ન પમાડે છે. માટે હવે ફરી આલોચના લઈ, પ્રતિક્રમીને મિથ્યાદુષ્કૃત આપો."

પોતાની સ્ત્રીના કહેવા પ્રમાણે સૂરાદેવ શ્રાવકે ગુરૂપાસે આલોચના લીધી. પછી શુદ્ધ થઈ જિનધર્મનું ઉત્તમ પ્રકારે આરાધના કરી, અગીયાર પડિમા વહન કરી વીશવર્ષ સુધી જિનધર્મ પાળી, સર્વ જીવોને ખમાવી, છેવટે એક માસના અનશનથી પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતાં સૂરાદેવ શ્રાવક મરણ પામીને પહેલા સૌધર્મ દેવલોકને વિષે અરૂણાભ નામના વિમાનમા ચાર પલ્યોપમના આયુષ્ય વાળો તે દેવતા થયો.

હવે એકદા ગૌતમસ્વામીએ શ્રી વર્દ્ધમાન સ્વામીને



ચુલ્લગશતકશ્રાવક.

ભરતક્ષેત્રના ભવ્ય ભૂષણરૂપ આલંભિક નામની નગરી છે. ત્યાં સર્વ પ્રતિપક્ષીઓનો વિજય કરી પોતાના નામને ચરિતાર્થ કરનાર એવો જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો, એ નગરીની પાસે નંદનવન સમાન મનોહર શંખ નામનું એક ઉદ્યાન હતું. વળી એ નગરીમાં ચુલ્લગશતક નામે એક ધનવાન શેઠ રહેતો હતો. તેને બહુલા નામની સ્ત્રી હતી. બહુલા પતિભક્તિ પરાયણ અને ધર્મકર્મમાં કુશળ હતી. ચુલ્લગશતક શેઠે પોતાનું ધન છ કરોડ વ્યાજમાં, છ કરોડ નિધાનમાં અને છ કરોડ વેપારમાં રોકેલ હતું. તેના ઘરે ગાયોના છ ગોકુળ હતાં, કામદેવ શ્રાવક સમાન તે સમૃદ્ધિવાળો હતો. ધન અને ધર્મનિષ્ઠાથી તે રાજાને માનનીય થઈ પડયો હતો.

એક દિવસ શ્રી વર્દ્ધમાન સ્વામી શંખવન ઉદ્યાનમાં સમોસર્યા, એટલે દેવતાઓએ ત્યાં સમવસરણ રચ્યું. આ

નીકળી જજે.' આ સજ્જન પુરૂષની શિખામણ માન્ય રાખીને ભિક્ષુકે તેનો આભાર માન્યો. પછી કિલ્લાને હાથ અડાડીને તે ચાલ્યો. એમ કરતાં જ્યારે દરવાજો પાસે આવ્યો, ત્યારે તેને ખંજવાળ આવી, તેથી ઉભા ન રહેતાં હાથથી ખંજવાળતો ખંજવાળતો આગળ ચાલ્યો. એટલે દરવાજો પાછળ રહી ગયો. કિલ્લો એટલો બધો મોટો હતો કે વરસોના વરસો સુધી ચાલ્યા કરે, તોજ પાછો તે દરવાજો આવે. આમ તે જન્માંધ ભિક્ષુક ચાલ્યાજ કરતો, પણ જ્યારે દરવાજા પાસે આવે ત્યારે તેને ખંજવાળ થતી અને તેથી તે દરવાજો પાછળ રહી જતો! આમ અનેક વાર કરતાં તે અંતે થાક્યો, એવામાં એક પરોપકારી સજ્જને તેનો હાથ પકડીને દરવાજો બતાવ્યો એટલે તે બિચારો ભિક્ષુક, પેલા નગરની વિડંબનાથી મુક્ત થયો.

હે ભવ્ય જનો! આ દૃષ્ટાંતનો ઉપનય એવો છે કે—જે જન્માંધ ભિક્ષુક તે અજ્ઞાની જીવ સમજવો. ચોરાશી ચોટાવાળું નગર તે આ સંસાર સમજવો. તેમાં આધિ, વ્યાધિ, ઉપાધિ, જન્મ, જરા, મરણ વિગેરે અનેક વિડંબનાઓ છે. દરવાજો તે માનવભવ સમજવો. એ સંસારથી મુક્ત થવાનો દરવાજો છે. પણ જ્યારે જીવ મનુષ્યભવ પામે છે, ત્યારે ધન, યૌવન, સ્ત્રી, પુત્ર વિગેરે વિગેરે વિષયની તેને લાલસા ઉત્પન્ન થાય છે અને તેમાં ફસાતાં જન્મ ચાલ્યો જાય, એજ ખંજવાળ સમાન છે. કુગુરૂ વિગેરે અજ્ઞ જનો તેને કુમાર્ગ બતાવે છે,

प्रदीप्ते रागाग्नौ सुदृढतममाश्लिष्यति वधूं,
प्रतीकारो व्याधेः सुखमिति विपर्यस्यति जनः" ॥ १ ॥

અર્થઃ—' જ્યારે તરસથી કંઠ સુકાય છે, ત્યારે સ્વાદિષ્ટ શીતલ જળ પીને માણસ સુખ માને છે, પણ તેમાં સુખ શું છે ? ક્ષુધાતુર થાય છે ત્યારે ભાત શાક વિગેરેથી ધરાઈને પોતાને સુખી સમજે છે, જ્યારે રાગાગ્નિ પ્રદીપ્ત થાય છે ત્યારે સ્ત્રીને દૃઢ આલિંગન કરે છે, આ બધા વ્યાધિના પ્રતિકારને માણસો વિપરીતપણાથી સુખ સમજી બેસે છે. જેમ કોઈ દરિદ્ર કે ભિક્ષુકને સારૂં ભોજન મળે, એટલે તે પોતાને બધા કરતાં સુખી માની લે, પણ બીજે દિવસે તો તેને ભીખના ટુકડા માગવાજ પડે છે. તેમ ભાવિ દુઃખનો વિચાર ન કરતાં જીવ અજ્ઞાનતાથી વિષયાદિ સુખોમાં રાચે છે, પણ તેનુ બુરૂ પરિણામ તો તેને ભોગવવુંજ પડે છે. જિનધર્મ પામ્યા છતાં ઘણીવાર પ્રમાદમાં પડીને જીવ હારી જાય છે. કહ્યુ છે કે—

" लब्ध्वापि धर्मं सकलं जिनोदितं, सुदुर्लभं पोतनिभं विहाय च।
मनः पिशाच ग्रहिलीकृतः पतन्, भवाम्बुधौ नीयति दृग् जडो मनः ॥१॥

અર્થઃ—' સંસારરૂપ મહાસાગરમાં ભટકતાં મહા મુશ્કેલીથી પ્રાપ્ત થઈ શકે એવા જિનધર્મરૂપ વહાણને પ્રાપ્ત થવા પછી જે મનુષ્ય મનરૂપ પિશાચને તાબે થઈને તે નાવને તજી દે છે અને સંસાર સાગરમાં ડૂબી જાય છે, તે મૂર્ખ માણસ ભાવિ વિચાર કરતા નથી. '

તારા મોટા પુત્રને લઈ આવી, તારી સમક્ષ તેને આ તીક્ષ્ણ તરવારથી કાપી, તેના માંસના સાત શૂળો કરી, ઉકળતા તેલની કડાઈમાં પકવીને તેના માંસ અને લોહીનો તારા શરીરે લેપ કરીશ. તે બનાવ નજરે જોતાં તું શોકસાગરમાં નિમગ્ન થઈ દુર્ધ્યાનથી અકાળે મરણને શરણ થઈને દુર્ગતિ પામીશ.'

તીક્ષ્ણ શૂળ સમાન દેવતાનાં આવાં વચન કાને સાંભળ્યાં છતાં ચુલ્લગશતક કંઈ પણ ક્ષોભ કે ભય ન પામ્યો, પણ ધર્મધ્યાનમાં તે વધારે લીન થયો, તે જોઈને પેલો દેવતા કોપાયમાન થયો, અને એ રીતે બે ત્રણ વાર કહ્યા છતાં ચુલ્લગશતક ધ્યાનથી ન ડગ્યો, ત્યારે દેવતાએ આક્રંદ કરતા તેના મોટા પુત્રને તેની આગળ લાવીને મારી નાખ્યો. પછી તેના માંસના સાત શૂળો કરી તેલમાં પકાવીને ચુલ્લગશતકના શરીરપર તેના માંસ અને લોહીનો લેપ કર્યો, આવો ભયંકર બનાવ જોયા છતાં ચુલ્લગશતક શ્રાવક જરા પણ ધર્મથી ચલાયમાન નજ થયો, ત્યારે દેવતાએ એજ પ્રમાણે તેના બીજા ત્રણ પુત્રોને એક પછી એક લાવીને તેની સમક્ષ મારી નાખ્યાં. અને તેમના માંસ લોહીથી ચુલ્લગશતકના શરીરપર લેપ કર્યો. આથી પણ તે ચલાયમાન ન થયો. એટલે દેવતાએ ફરીને તેને કહ્યું—' અરે ! મૂર્ખ શિરોમણિ ! તારા ચારે પુત્રોની આવી બુરી દશા નજરે જોયા છતાં તું આવો નિષ્ઠુર થઈને કેમ બેઠો છે ? શું દયાને ક્યાંઇ તેં ગિરવી મૂકી છે ? કે આમ દયા વિનાના ધર્મને બાઝી પડયો છે. દરેક ધર્મમાં દયા–તો

કા ઊપદેશશાળા સ્થાપી હતી. તેમાં બપોરે નવરાશના વખતે શ્રાવિકાઓને એકત્ર કરીને તેણી ધર્મતત્વનો બોધ આપતી હતી. આથી સંખ્યાબંધ શ્રાવિકાઓ બોધ પામીને પૂજાના મુક્ત કંઠે વખાણ કરતી હતી. પોતાની પત્નિની આ જ્ઞાનવર્ધક પ્રવૃત્તિ જોઈને કુંડકોલિક બહુજ આનંદ પામતો હતો. જ્ઞાનમસ્તા પોતાની પત્નિથી તે પોતાને ધન્ય માનતો હતો. સુશિક્ષિત અને સદ્ગુણી સ્ત્રી પ્રાપ્ત થવી એ ગૃહસ્થનું મોટામાં મોટું ભાગ્ય છે.

આજકાલ કેટલીક શ્રાવિકાઓ ગોખણીયું જ્ઞાન મેળવીને ફેનસી કપડાં તથા ઘરેણાના શોખમાં સપડાઈને વારંવાર પોતાના પતિને પજવે છે. એટલુંજ નહિ પણ તેઓ ઘણીવાર રીસાઈ બેસે છે. આવી તેમની હઠથી શ્રીમંતો તો તેમને રાજી રાખી શકે છે પણ સાધારણ સ્થિતીના શ્રાવકોને સાત પાંચ થઈ પડે છે જ્ઞાન મેળવવાનું આવું પરિણામ ન હોય. વર્ગો ફેશનમાં ફસાઈને નવાનવા રૂપ રંગ કરવા એ શ્રાવિકાઓનો ધર્મ નથી પોતાના ઘરમાં શ્રીમંતાઈ હોય છતા સાદાઈમાં રહી પોતાની [illegible] કે દીન શ્રાવિકા બ્હેનોની [illegible]. સેવા એ તેમનો મુખ્ય ધર્મ છે. પોતાના દેશમાં જ [illegible] વસ્ત્રોથી લાજ [illegible] રહેવું એ પ્રથમ [illegible] છે. પરદેશી બારીક મલમલના વસ્ત્રોથી [illegible] ના લોપ થાય છે, [illegible] શરીરના અવયવો [illegible] અને [illegible] પણ શરમ થાય છે [illegible] બ્હેનો ! આજ [illegible] તમારી કુલીનતાને [illegible] માટે કશ-

"એક દિવસે પોતાના ગૌતમ ગણધર વિગેરે પરિવારથી પરવરેલા અને દેવતાઓને વંદનીય શ્રી મહાવીરસ્વામી, શિલાવર્ત્તક ચૈત્યને વિષે સમોસર્યા. પ્રભુનું આગમન સાંભળી ને કુંડકૌલિક બહુજ હર્ષથી પોતાના પરિવાર સહિત આડંબરપૂર્વક ભગવંતને વંદન કરવા આવ્યો. ત્યાં તેણુ પ્રદક્ષિણા પૂર્વક પ્રભુને વંદન કરીને તે બાર પર્ષદામાં યોગ્ય સ્થાને બેઠો. એટલે દેવ મનુષ્યોની સભા સમક્ષ ભગવંતે ધર્મદેશના આપતાં જણાવ્યું કે:-

"હે ભવ્યજનો ! આયુષ્ય તે ડાભના છેડા પર રહેલ જલબિંદુ સમાન ચપલ છે, લક્ષ્મી સમુદ્રના તરંગની જેમ અસ્થિર છે, તથા સ્ત્રી, પુત્ર, વિગેરેનો સ્નેહ તે સ્વપ્નવત્ છે. એવી અસ્થિર વસ્તુમાં સુખ સમજીને મોહમૂઢ બની ધર્મનો અનાદર કરવો, તે સુજ્ઞજનોને ઉચિત નથી. આ સંસાર તે એક વિકટ વનરૂપ છે. જેમ અરણ્યમાં અનેક ઉપદ્રવો થાય, તેમ સંસારમાં જન્મ, જરા, મરણ, રોગાદિકના અનેક ઉપદ્રવો થતા સાક્ષાત્ દેખાય છે, એ ભયંકર અરણ્યમાંથી હે ભવ્યો ! જો તમારે મુક્ત થવું હોય, તો વિષયરૂપ વૃક્ષની છાયામાં બેસશો નહિ. કહ્યું છે કે—

" भवारण्यं मुक्त्वा यदि जिगमिषुर्मुक्तिनगरीं,
तदानीं माकार्षीर्विषयविषवृक्षेषु वसतिम् ।
यतश्छायाप्येषां प्रथयति महामोहमचिरा-
दयं जन्तुर्यस्मात् पदमपि न गन्तुं प्रभवति " ॥ १ ॥

ગર મુખ ફાડી તાકીને તેની સામે જોઈ રહ્યા હતા. વળી બીજી તરફ તેણે નજર કરી તો તે વૃક્ષની વડવાઈને શ્વેત અને શ્યામ બે ઉંદરો પોતાના તીક્ષ્ણ દાંતથી કાપતા હતા. ઉપર દૃષ્ટિ કરતાં એક મધપુડો તેના જોવામાં આવ્યો. પેલો હાથી વૃક્ષને હલાવતો, તેથી તે મધપુડામાંથી મધના બિંદુ નીચે ટપકતા હતા, તે તેના નાકપરથી સરીને મુખમાં પડતા હતા. પણ મધપુડો હાલવાથી મક્ષિકાઓ આમતેમ ઉડીને તે મુસાફરને ચોતરફ તીક્ષ્ણ ડંખ મારતી હતી. આવી આફત નજરે નિહાળ્યા છતાં તે મધુબિંદુના સ્વાદમાં લપટાઇ પડયો હતો. એવામાં એક વિદ્યાધરનું વિમાન આકાશમાર્ગે જતું હતું. તે દુઃખી મુસાફર પર વિદ્યાધરની નજર પડી. તેને જોતાં તેના દિલમાં દયા આવી. તેણે તરતજ તેની પાસે આવીને કહ્યું- 'હે મુસાફર ! તને જોતાં મને દયા ઉપજે છે. માટે ચાલ, મારા વિમાનમાં બેસી જા, કે જેથી આ બધી વિડંબનાથી તું મુક્ત થઇ જાય. આ વાત જો કે તેને ગમી ખરી, પણ પેલા મધુબિંદુના સ્વાદમાં તેનું મન લપટાયેલું હતું. તેથી તેણે વિદ્યાધરને જરાવાર થોભવાનું કહ્યું. એટલે વિદ્યાધરે તેને પુનઃ કહ્યું 'અરે મૂઢ ! આવી આફત નજરે નિહાળ્યા છતાં તું મધુબિંદુના માની લીધેલા સ્વાદમાં કેમ લપટાઇ ગયો છે?' એમ વારંવાર વિદ્યાધરે તેને કહ્યા છતાં છેવટ સુધી મધુબિંદુના તુચ્છ સ્વાદને તે મૂકી ન શકયો.

હે ભવ્યાત્માઓ ! એ દૃષ્ટાંતનો ઉપનય એવો છે કે—

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

સમર્થ થાય છે," એ પ્રમાણે શ્રીવીરનાં વચન સાંભળી તપ સંયમના સાધક સાધુઓએ ભગવંતની આજ્ઞા લઈને અન્યત્ર વિહાર કર્યો. કુંડકોલિક શ્રાવક પણ કેટલાક ધર્મ સંબંધી પ્રશ્નો પૂછી પ્રભુને વંદન કરીને પોતાને ઘેરે આવ્યો અને શ્રી જિનેશ્વરે ત્યાંથી વિહાર કર્યો.

પછી કુંડકોલિક શ્રાવકે ચૌદ વર્ષ સુધી શ્રાવકધર્મની આરાધના કરી પંદરમે વર્ષે વૈરાગ્ય પામેલા તેણે પોતાના મોટા પુત્રને ઘરનો ભાર સોંપી આણંદ શ્રાવકની જેમ વિધિપૂર્વક અગીયાર પડિમા વહન કરી. છેવટે વીશ વર્ષ પર્યંત જિનધર્મ પાળી, આરાધના કરી, સર્વ જીવોને ખમાવી, શ્રીપંચ પરમેષ્ઠીનું સ્મરણ કરતાં એક માસના અનશનથી કાળ કરીને કુંડકોલિક શ્રાવક પહેલા દેવલોકમાં અરૂણપ્રભ નામના વિમાનને વિષે ચાર પલ્યોપમના આયુષ્ય વાળો દેવતા થયો.

એકદા શ્રી ગૌતમસ્વામીએ શ્રીમહાવીર ભગવંતને પ્રશ્ન કર્યો કે—'હે ભગવન ! કુંડકોલિક શ્રાવકનો જીવ ત્યાંથી ચવીને ક્યાં ઉત્પન્ન થશે ?' ત્યારે શ્રીવર્ધમાન સ્વામીએ જવાબ આપતાં જણાવ્યું કે—'હે ગૌતમ ! કુંડકોલિક શ્રાવકનો આત્મા, સૌધર્મ દેવલોકથી ચવી મહાવિદેહક્ષેત્રમાં ઉત્તમ કુળને વિષે અવતાર લઈ, સંયમ પામીને સિદ્ધિપદને પ્રાપ્ત કરશે.'

ઇતિ કુંડકોલિક શ્રાવકનું ચરિત્ર.



રાજા વિગેરે બધા લોકો તેમને વંદન કરવા ગયા. તેમને જોઈ સદ્દાલપુત્ર પણ જિનેશ્વરને પધારેલા જાણી અંતરમાં વિચાર કરવા લાગ્યો કે–'એ મહાવીર જિનેશ્વર પાસે જઈને હું પણ તેમને વંદન કરૂં.' એમ ધારી સ્નાન કરી શુદ્ધ વસ્ત્ર પહેરી, પાલખીમાં બેસીને મોટા આડંબરથી તે ભગવંત પાસે આવ્યો. ત્યાં ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પ્રભુને વંદન કરીને યોગ્ય સ્થાને બેઠો. તે વખતે ભગવંતે મધુર વાણીથી ધર્મોપદેશ આપતાં જણાવ્યું કે—

'હે ભવ્યજનો ! ધર્મમાં પ્રીતિ રાખવી, વિષયોનો ત્યાગ કરવો, કષાયોને છોડી દેવા, સદ્ગુણમાં સદ્ભાવ રાખવો અને ધર્મક્રિયા કરતાં પ્રમાદ ન કરવો–એ બધા ઉત્તમ ગતિના ઉપાય છે.' ઇત્યાદિ ધર્મ ઉપદેશ પૂર્ણ થયા પછી ભગવંતે સદ્દાલપુત્રને કહ્યું કે–"હે સદ્દાલપુત્ર ! ગઈકાલે તારી પાસે કોઈ દેવતાઓએ પ્રગટ થઈને એમ કહ્યું કે–' સવારે સર્વજ્ઞ જિનેશ્વર અહીં આવશે. તે દેવ દાનવોને પણ વંદન કરવા યોગ્ય છે. માટે તું તેમની પાસે જઈને વંદન કરજે, નમસ્કાર કરજે, પાટ, પાટલા, શય્યા, સંથારો આપવા નિમંત્રણ કરજે.' એમ કહીને દેવતા ચાલ્યો ગયો. પછી તું મનમાં વિચાર કરવા લાગ્યો કે–' એજ લક્ષણોથી શોભતા મારા ધર્માચાર્ય ગોશાળક અહીં આવશે ' શ્રી વીરનાં આવાં વચન સાંભળીને સદ્દાલપુત્ર મનમાં વિચાર કરવા લાગ્યો કે–' અહો ! શ્રી વર્ધમાન સ્વામીજ અવશ્ય સર્વજ્ઞ છે. અર્હંત, જિન અને

પુરૂષ તારાં વાસણો ફોડી નાખે, જુદાં જુદાં કરીને ફેંકી દે, વળી કોઇ તારાપર કોપાયમાન થઇને તારી અગ્નિમિત્રા સ્રીની સાથે બહુ ભોગ ભોગવે, તો હે મંખલીપુત્રના ભક્ત ! તે પુરૂષને તું શું શિક્ષા કરે ?'

સદ્દાલપુત્ર—' હે ભગવંત ! તે પુરૂષનો હું તિરસ્કાર કરૂં, બાધું, મારૂં, ગાળો દઉં અને વિડંબના પમાડું.'

ભગવંત—' હે સદ્દાલપુત્ર ! તારી અગ્નિમિત્રા સ્રીની સાથે કોઈપણ ભોગ ન ભોગવે, તારા વાસણોને ફોડી ન નાખે, તેમ ચોરી ન જાય, તોપણ તે પુરૂષને તું તિરસ્કાર કર, બાંધ, માર અને ગાળો દે, તો તે પુરૂષમાં પરાક્રમાદિ ભાવો અનિયતપણાથી નથી ? જો કોઈ પુરૂષ તારાં વાસણો ફોડી નાખે, અને અગ્નિમિત્રાને ભોગવે તો તે પુરૂષને તું તિરસ્કાર કરે, તાડન કરે. અને છે તો એ પ્રમાણે કે ઉત્થાન, પુરૂષાકારાદિ ભાવો લોકમાં અનિયત એટલે અશાશ્વતા છે. હે સદ્દાલપુત્ર ! આથી તારૂં કથન તો અસત્ય ઠરે છે. તું કહે છે કે જે વસ્તુ થવાની હોય તે થાય છે, છતા ઘડા વિગેરેનો ભંગ કરનારને તું બાંધવાનું અને તાડન કરવાનું કહે છે એ તારૂં વચનજ તારા તત્ત્વને પરાસ્ત કરે છે. '

એ રીતે શ્રી વીરના વચન સાંભળીને સત્યપ્રિય સદ્દાલપુત્રનો મહામિથ્યાત્વરૂપ અંધકાર દૂર થઈ ગયો. ને મહાવીરનું વચન તેને સત્યરૂપ ભાસવા લાગ્યું. તે અંતરમાં ચિંતવવા લાગ્યો કે—' પુરૂષાભિમાન અને પરાક્રમ વિના કાર્યની

" दुर्गतौ प्रपतज्जंतु धारणाद्धर्म उच्यते "

અર્થ:—" દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારણ કરી બચાવી લે, તે ધર્મ કહેવાય છે. તેના જેમ પૂર્વે બે ભેદ કહ્યા, તેમ બીજી રીતે દાન, શીલ, તપ અને ભાવ એમ ચાર પ્રકારે કહેલ છે. પરંતુ તેમાં વિશેષ ભિન્નતા નથી. એ ધર્મ મનોવાંછિત સુખ આપનાર હોવાથી કલ્પવૃક્ષ સમાન ગણાય છે. "

એ પ્રમાણે ભગવંતના મુખથી બે પ્રકારનો ધર્મ સાંભળી સદ્દાલપુત્રે પ્રભુને કહ્યું કે—' હે નાથ ! પંચ મહાવ્રતરૂપ યતિધર્મનો ભાર ઉપાડવાને હું સમર્થ નથી. તો હે નાથ! સમકિતમૂલ શ્રાવક ધર્મ આપવાની મારા પર કૃપા કરો. ' એ રીતે સદ્દાલપુત્રના કહેવાથી ભગવંતે આનંદ શ્રાવકની જેમ તેને સમ્યક્ત્વ સહિત બારવ્રતનો ઉચ્ચાર કરાવ્યો. પાંચમા પરિગ્રહ પરિમાણ વ્રતમાં તેણે ભૂમિ, વ્યાજ અને વેપારમાં એક એક કરોડ સોનામહોર તથા એક ગોકુળ–એટલું મોકળું રાખ્યું. પછી નવતત્ત્વો સબંધી ભગવંતને કેટલાક પ્રશ્નો પૂછી પ્રભુને વંદન કરી પરિવાર સહિત તે પોતાને ઘેર આવ્યો. ત્યાં તેણે પોતાની સ્ત્રી અગ્નિમિત્રાને કહ્યું કે—' હે ભાગ્યવતી ! શ્રી જિનેશ્વર પાસે મેં જિનધર્મ આદર્યો છે. એ ધર્મની અંદર રહેલ સત્યતા હું બરાબર સમજી ગયો છું. હે ભદ્રે ! તું પણ એ ધર્મનો સ્વીકાર કર, કે જેથી માનવજન્મ સફળ થાય. ' અગ્નિમિત્રાએ પતિનું વચન પ્રમાણ કરીને તેણે

પુનઃ તેણે ખલાસીને પૂછયું—' કેમ ! તું વનસ્પતિ શાસ્ત્ર તો જાણે છે ને ? '

ખલાસી—' ભાઇ ! મેં તો તેનું નામ પણ સાંભળ્યું નથી.' આથી તે પંડિત બોલી ઉઠયો કે—' ત્યારે તો તારી જીંદગીનો બીજો ભાગ પણ વૃથા ગયો. '

આ પ્રમાણે વાતો કરતાં હોડી પુર જોસમાં આગળ ચાલી જતી હતી, એવામાં વહેતી નદીના પ્રવાહ તરફ નજર કરતાં તે પંડિતથી બોલ્યા વગર રહેવાયું નહિ. તે તરત બોલી ઉઠયો કે—' કેમ રે ! તું ગણિત શાસ્ત્ર જાણે છે ? '

ખલાસી—' અરે ભાઇ ! હું તો કોઇ પણ શાસ્ત્ર જાણતો નથી.' આથી તે અભિમાનમાં આવીને બોલ્યો—' ત્યારે તો તારી જીંદગીનો ત્રીજો ભાગ પણ એળે ગયો ' આ વાત ચાલતી હતી, તેવામાં નદીમાં ભારે તોફાન જાગ્યું. હોડી નદીના મોટા તરંગોની સાથે ઉંચી નીચી થવા લાગી લગભગ તે બુડવાની તૈયારીપર આવી એટલે તે ખલાસી તરતજ નદીના જળમાં કુદી પડયો. અને તરત. તરતા તેણે પેલા અભિમાની પંડિતને પૂછયું —' પંડિતજી ' તરવાનું શાસ્ત્ર આવડે છે ? ' તેણે જવાબ આપ્યો—' ના, એ તો મને નથી આવડતું. ' ત્યારે પોતાના થયેલા અપમાનનું જાણે વેર વાળતો હોય તેમ તે ખલાસી હર્ષથી ગાજી ઉઠયો કે ' ત્યારે તો તમારી આખી જીંદગી નિષ્ફળ ગઇ સમજજો. હવે પ્રભુની પ્રાર્થના કરો અને મૃત્યુને ભેટવાને તૈયાર થાઓ ' એવામાં તે હોડી તરતજ

પગાનામાં આવી, ત્યાં મોક્ષ ઉપજાવનાર અને કામને આનંદ કરનાર એવા શૃંગારના વચનો તેણી મહારાજાને કહેવા લાગી– “ હે નાથ! તમે ધર્મના વિષયમાં મહા કુશળ છો, વળી સ્વર્ગ અને મોક્ષના અભિલાષી છો, પણ વિષયસુખ કરતાં બીજું મોટું સુખ કયું છે? આવું સુંદર સુખ મળ્યું છે, છતાં તમે અપ્રાપ્ત સ્વર્ગાદિકના સુખનો અભિલાષ કરો છો. તથા તમે મુખે શિરોમણિ બ્રહ્મચારી દેખાઓ છો! વળી તમે આ તપ પણ શાને માટે કરો છો? તમને સુખ તો સર્વ પ્રકારનું મળ્યું છે તો વૃથા તપ કષ્ટ કરીને શરીરને શા માટે ગાળવો છો? હે પ્રાણનાથ! જ્યાં સૌભાગ્યવતી સુંદરીઓ અને પુષ્ટ સ્તનવાળી પ્રેમદાઓ નથી, જ્યાં નાટક કે ગીતગાન નથી, જ્યાં કામભોગ નથી, જ્યાં ખાનપાનની વસ્તુઓ નથી, એવા મોક્ષમાં તે શું સુખ છે? તે તો મને કહો! કે જેને મેળવવાને માટે તમે આટલા તપ તપી રહ્યા છો. કહ્યું છે કે—

“ जइ नत्थि तत्थ सीमंतिणीओ पियंगुवण्णाओ ।

नामि हुंत अबंधण, मुमुक्खो न सो सुक्खो ’ ॥ १ ॥

અર્થ — જ્યાં પ્રિય ગુલતાના જેવા વર્ણવાળી વનિતાઓ નથી અને જ્યાં તેમના આલિંગનનું સુખ નથી, તો મોક્ષમાં તેવા પ્રકારના સુખનોજ અભાવ છે

વળી બીજે ઠેકાણે કહ્યું છે કે—

શકતી નથી. ખરેખર તેથીજ તે અબલા કહેવાણી હશે, એમ લાગે છે.

એ રીતે પોતાના પતિને ધર્મમાં અત્યંત દૃઢ મનવાળો જાણી રેવતી નિરાશ થઈને ઘરે ચાલી ગઈ, મહાશતક પડિમા વહન કરતાં શરીરે ક્ષીણુ થઈ ગયો. તેથી તેણે સંલેખના કરી, આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરીને અનશનવ્રત અંગીકાર કર્યું. પછી શુભ ધ્યાન ધરતાં તેને આણંદશ્રાવકની જેમ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. એટલે તે ચારે દિશાઓમાં એક હજાર યોજન પ્રમાણુ ક્ષેત્રભૂમિકા જોવા લાગ્યો. પૂર્વ, દક્ષિણુ અને પશ્ચિમ દિશા તરફ લવણુ સમુદ્રમાં એક હજાર યોજન પ્રમાણુ ક્ષેત્ર, ઉત્તર દિશામાં ચુલ્લ હિમવંત પર્વતસુધી અને અધોભૂમિમાં રત્નપ્રભા નામની પૃથ્વીમાંના લોલુક નામે નરકવાસને તે જોઈ શકતો હતો.

એક દિવસે મદિરાપાનથી મદમસ્ત બનેલી કામાંધ રેવતી, મહાશતક પાસે આવીને મદનને ઉત્તેજીત કરનારાં વચનો કહેવા લાગી—" હે પ્રિયતમ ! મારા જેવી તરૂણુ તરૂણીના હૃદયમાં વજ્રના આઘાત સમાન આ તમે આજે શું આરંભી બેઠા છો ? વ્હાલા પ્રાણુનાથ ! હજી આપના પુત્રો લઘુ વયના તેમજ વિનીત છે, મારી યૌવનાવસ્થા વસંતઋતુની જેમ ખીલી રહી છે, તેથી એ વસંતનો મિત્ર મન્મથ, મારા અંતરમાં આવીને મને અતિશય વ્યથા ઉપજાવે છે. પોતાના પતિ વિના સુંદરીઓની શી શોભા ? માટે હે પ્રાણુવલ્લભ !

પોતાના પતિનાં આવાં વચન સાંભળીને રેવતી બહુ
ભય પામવા લાગી, તેણીએ પોતાના ઘરે જઈને વિચાર કર્યો
કે–" હાય ! હાય ! મહાશતકને ધર્મધ્યાનથી મેં ચલાયમાન
કર્યો, તેથી એ હવે વખતસર મને કમોતે મારી નાખશે.
મારો સ્વાર્થ સાધવા જતી હતી, પણ તેનું પરિણામ ઉલટું
આવ્યું. હવે હું શું કરું અને ક્યાં જાઉં ? આ બગડેલ
બાજીમાંથી કોણ બચાવે ? ' આવા ભયમાં પડેલી રેવતી
આર્તધ્યાનમાં સાતમે દિવસે ઝાડાના રોગથી મરણ પામીને
પહેલી નરકને વિષે નારક થઇ. કહ્યું છે કે—

" निच्चंधयारतमसा, ववगयगहचंदसूरनक्खत्ता ।
नरया अणंतवियणा, असुह सद्दाइ विसया य " ॥ १ ॥

અર્થઃ—ચંદ્ર, સૂર્ય, ગ્રહ કે નક્ષત્રના પ્રકાશરહિત અને
નિરંતર ગાઢ અંધકારથી વ્યાપ્ત એવી નરકને વિષે નારકી
જીવોને અનંત વેદના ભોગવવી પડે છે, તેમજ તેમને માટે
શબ્દાદિ વિષયો બધા ભય કર કે અનિષ્ટ હોય છે.

હવે એકદા શ્રી વર્ધમાન સ્વામી વસુધાપર વિહાર
કરતા રાજગૃહ નગરે પધાર્યા. એટલે શ્રેણિક રાજા તથા
નગરના લોકો તેમને વંદન કરવા આવ્યા. ભગવંતે તેમને
યથોચિત ધર્મોપદેશ આપ્યો, તે સાંભળી પ્રભુને વંદના કરી
આનંદ પામતા સૌ પોતપોતાને સ્થાને ગયા. ત્યાર પછી
શ્રી મહાવીર ભગવંતે ગૌતમ સ્વામીને કહ્યું—" કે ગૌતમ !

સૌધર્મ દેવલોકને વિષે અરૂણાવતંસક નામના વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવતા થયો. ત્યાં અપ્સરાઓ સાથે ક્રીડા કરતાં, દિવ્ય નાટકોનું અવલોકન કરતાં અને ઈચ્છાનુસાર વિચરતાં તે અનેક પ્રકારનાં દિવ્ય સુખ ભોગવવા લાગ્યો. શાસ્ત્રમાં દિવ્ય સુખનું વર્ણન કરતાં કહ્યું છે કે—

" देवाण देवलोए, जं सुक्खं तं नरो सुभणिओवि ।
न भणइ वाससएणं वि, जस्सवि जीहासयं हुज्जा " ॥१॥

અર્થ:—દેવલોકમાં દેવતાઓ જે સુખનો અનુભવ કરે છે, તે સુખનું વર્ણન સો જીભવાળો સારો ભણેલો પુરૂષ સો વર્ષ સુધી પણ કરી ન શકે.

એકદા શ્રીગૌતમ સ્વામીએ ચરમ તીર્થનાયક શ્રી મહાવીર ભગવંતને પ્રશ્ન કર્યો કે—' હે ભગવન્ ! મહાશતક શ્રાવકનો જીવ પહેલા દેવલોકમાંથી ચવીને કઈ ગતિમાં જશે ? ' ત્યારે શ્રી વીરપ્રભુ બોલ્યા કે—' હે ગૌતમ ! મહાશતક શ્રાવકનો જીવ ત્યાંથી ચવી, મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય જન્મ પામી, ' વિરતિ ચારિત્ર અંગીકાર કરી, કેવળજ્ઞાન મેળવીને [illegible] પામશે. '

ઈતિ મહાશતક શ્રાવકનું ચરિત્ર.



કરતાં જ્ઞાન અને ગુણનો તેણીને બહુ લોભ હતો. આજુબાજુની શ્રાવિકાઓને નવરાશના વખતમાં બોલાવીને અશ્વિની તેમની સાથે જ્ઞાનચર્ચા કરતી અને શ્રાવિકા જીવનને વધારે તેજસ્વી બનાવવાને તેમનામાં ઉત્સાહભાવ રેડતી હતી. આવી તેણીની પ્રવૃત્તિ જોઈને નંદિનીપ્રિય બહુજ આનંદ પામતો અને તેવી પ્રવૃત્તિને માટે જે કંઈ સાધનો જોઈએ, તે તરત મેળવી આપતો હતો. વળી નંદિનીપ્રિય શેઠ પોતાના સાધર્મિક બંધુઓની સ્થિતિ ઘણીજ બારીકાઈથી તપાસતો અને દુખિત શ્રાવકોને તે અનેક રીતે મદદ કરતો હતો. એ રીતે ધર્મ, અર્થ અને કામ એ ત્રણે વર્ગને સાધતા નંદિનીપ્રિય પોતાના માનવજીવનને સફલ કરતો હતો.

એકદા શ્રી વર્ધમાન સ્વામી શ્રાવસ્તી નગરીના ઉદ્યાનમાં સમોસર્યા. દેવતાઓએ ત્યાં સમવસરણની રચના કરી, ભગવંતના આગમનના ખબર મળતા રાજા તથા નગરવાસી જનો પ્રભુને વંદન કરવા ચાલ્યા તે વખતે નંદિનીપ્રિય શ્રાવક પણ અતિ હર્ષિત થઈ મોટા આડંબરથી પ્રભુને વંદન કરવા ગયો. ત્યાં વંદન કરીને સૌ કોઈ પોતપોતાના ઉચિત સ્થાને બેઠા. એટલે સુરાસુર અને મનુષ્યોની સભા સમક્ષ ભગવતે ધર્મદેશના આપવાનો પ્રારંભ કર્યો કે—

" હે ભવ્ય જનો ! દેવતાઓ નિરંતર વિષયમાં આસક્ત થઈ રહેલા છે, તિર્યંચો વિચાર વિવેકથી રહિત છે અને નારક જીવો તો નરકની તીવ્ર વેદનાથી વ્યાકુળ છે. તેથી એક માનવ

દિવસને માટે છોડાવ્યો અને સત્કાર કર્યો, ત્રીજે દિવસે ત્રીજી રાણીએ એમ સાતે રાણીઓએ તેને એક એક દિવસને માટે અભયદાન અપાવ્યું અને ખાનપાનથી તેનો અત્યંત સત્કાર કર્યો. આઠમે દિવસે સૌભાગ્યદેવી નામની અણમાનીતી રાણીએ સ્વનયપૂર્વક રાજાને વીનવ્યો અને રાજાને અત્યંત સંતુષ્ટ કરીને તેણીએ પેલા ચોરને સદાને માટે અભયદાન અપાવ્યું એટલે શૂળીની સજાથી મુક્ત કર્યો, અને તેને સામાન્ય વસ્ત્ર અને અલ્પ ભોજન આપીને છોડી મૂકયો, ત્યારે ચોર અત્યંત હર્ષિત થઈને ગીતગાન અને નૃત્ય કરવા લાગ્યો. આ બનાવ જોઈને રાજાને આશ્ચર્ય ઉત્પન્ન થયું. એટલે તે ચોરને બોલાવીને રાજાએ તેને સભા સમક્ષ પૂછયું કે—' અરે ! આજે તો તને ભોજન પણ સાદું અને અલ્પ મળ્યું, છતાં આમ હર્ષ ઘેલો થઇને કેમ નાચ્યા કરે છે ?' ત્યારે તસ્કર બોલ્યો—' હે રાજન્ ! સૌભાગ્ય દેવી સિવાય બધી સાતે રાણીઓએ જો કે મારો ખાનપાન અને વસ્ત્રાદિકથી સત્કાર કરવામાં કંઇ પણ બાકી રાખી નથી; છતાં પણ વાઘની સામે બાંધેલ લીલો ઘાસ-ચારો કરનાર પેટાની જેમ મરણના ભયથી તે બધું સુખ મને દુઃખરૂપ ભાસતું હતું; પણ આજે રસ વિના સૂકા ઘાસને ચરતા વ્યાપારીના ઘરે બાંધેલા નિર્ભય બળદની જેમ મને સદાને માટે સૌભાગ્ય દેવીએ અભયદાન અપાવ્યું તેથી હું નિર્ભય થઇને સાદા ભોજનથી પણ સુખ અનુભવું છું અને એ હર્ષના ઉછાળાથી નૃત્ય તથા ગાનતાન કરૂં છું.

દુ:ખી થાય છે, તો તેને તીક્ષ્ણ શસ્ત્રોથી મારવા જતાં શું થતું હશે ?

હે ભવ્યાત્માઓ ! જેમ હિંસા તજવા લાયક છે, તેમ વિષય-કષાય પણ ત્યાગવા લાયક છે. વિષયનું સેવન કરવાથી તે ઘટવાને બદલે વધે છે. કારણ કે—

" न जातु कामः कामाना–मुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव, भूय एव विवर्धते " ॥ १ ॥

અર્થ:—કામ-ઈચ્છાઓના ઉપભોગથી ઈચ્છા-કામની શાંતિ થતી નથી, પરંતુ ઘૃત નાખવાથી જેમ અગ્નિ વધારે પ્રદીપ્ત થાય, તેમ કામાગ્નિ વધારે જાગ્રત થાય છે.

વિષય કષાય સેવતાં જીવ પાપથી પુષ્ટ થાય છે અને છેવટે તેનું ભયંકર પરિણામ તેને ભોગવવું પડે છે. આ સંબંધમાં એક બકરાનું દૃષ્ટાંત બોધ લેવા લાયક છે—

એક મોટા શહેરમાં કોઈ નગરવાસીને ત્યાં એક બકરો હતો. ' કોઈ સારો પરોણો આવશે, ત્યારે આનું માંસ કામ લાગશે.' એમ ધારીને તે બકરાનું સારી રીતે પોષણ કરવામાં આવતું હતું. તેને સારું સારું ખવરાવવામાં આવતું અને તેના શરીરે સુંદર પીળા તિલક કરવામાં આવતાં હતાં. આથી તે શરીરે પુષ્ટ અને માતેલો થયો હતો, હવે તેજ નગરવાસીના ઘરે એક વાછરડું હતું, તે બિચારાને ગાય દોહી રહ્યા પછી બાકીનું અલ્પ દુધ ધાવવાને મળતું હતું, તેમજ તેની

ઉવી સુલભ છે, પણ ભવ ભ્રમણ કરતાં આ જન્મપ્રાપ્ત મનુ ધર્મ જ દુર્લભ છે. ધર્મથી ઉત્તમ કુળમાં અવતાર, રમણીયરૂપ, મન માનીતિ સંપત્તિ, કીર્ત્તિ તથા અનુકૂળ પરિવાર પ્રાપ્ત થાય છે. એ શ્રી જિનધર્મનું સત્ય સ્વરૂપ જાણવાને જ્ઞાન એ મુખ્ય કારણ છે. જ્ઞાન વિના હેયાહેય, પેયાપેય કે કૃત્યાકૃત્યનું સ્વરૂપ, બરાબર જાણવામાં આવતું નથી. અનાદિકાળથી લાગેલ મિથ્યાત્વ જીવને જ્ઞાન મેળવવામા વિઘ્નરૂપ થાય છે. મિથ્યાત્વના પ્રબલપણાથી સત્ય પદાર્થ અસત્ય ભાસે છે. કહ્યું છે કે—

" मिथ्यात्वयोगाविरप्रमादा—नात्मन ! सदा संवृणु सौख्यमिच्छन्,
असंवृता यद् भवतापमेते, सुसंवृता मुक्तिरमां च दद्युः ॥१॥

અર્થ:—હે ચેતન ! જો તું નિરંતર સુખની ચાહના કરતો હોય, તો મિથ્યાત્વ અવિરતિ, યોગ અને પ્રમાદનો ત્યાગ કર એને વશ પડવાથી આત્મા સંસારના સંતાપને પામે છે અને એનો જય કરતા સંસારથી મુક્ત થાય છે.

મિથ્યાત્વના બે પ્રકાર છે. તે એક લૌકિક મિથ્યાત્વ અને બીજું લોકોત્તર મિથ્યાત્વ. વળી તે દરેકના બે બે પ્રકાર છે. દેવગત અને ગુરૂગત. લૌકિક દેવગત—પરધર્મમા પોતાના દેવ તરીકે માનેલા હરિ, હર, બ્રહ્મા વિગેરે સ્ત્રી, શસ્ત્ર આદિ રાખનારા દેવને દેવ માની તેની સેવા પૂજા કરવી તે.

લૌકિક ગુરૂગત—બ્રાહ્મણ, સંન્યાસી વિગેરે મિથ્યા ઉપ-

છે. ગીતાર્થ કે ગુણવાન પર નિષ્ઠા રાખવી તે દોષ નથી. કારણ કે બધા જીવોની કુશાગ્રબુદ્ધિ હોતી નથી.

અનાભિગ્રહિક—સર્વ દેવો વંદનીય છે, કોઈ નિંદનીય નથી. તેમજ સર્વ ગુરુ સારા છે અને બધા ધર્મ સારા છે. આવું બોલી સત્યની પરીક્ષા ન કરવાની વૃત્તિ તે બીજું મિથ્યાત્વ. આમાં સુવર્ણ અને પીત્તળ, હીરો અને કાચ બંનેની કીંમત સરખી અંકાઈ જાય છે.

આભિનીવેશિક— પોતે ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજવા છતાં કોઈ પ્રકારના કદાગ્રહથી વિપરીત પ્રરૂપણા કરે. અહંકારથી નવો મત સ્થાપવા કે ચલાવવા માટે અથવા વંદન નમસ્કાર નહિ પામવા માટે ઘણા ભારેકર્મી જીવો આવા પ્રકારના મિથ્યાત્વનું સેવન કરે છે.

સાંશયિક —સુદેવ, ગુરુ અને ધર્મ સાચા હશે કે ખોટા ? એવી શંકા કરે. સૂક્ષ્મ અર્થનો સંશય તો સાધુને પણ થાય છે, પરંતુ તે તો 'તત્ત્વ કેવલીગમ્ય' એ છેવટના નિર્ણય પર રહે છે તેથી તે મિથ્યાત્વ ન ગણાય, પણ સાચું સમાધાન મેળવવાની ઇચ્છારૂપ છે. દેવ આદિ તત્ત્વને અંગે શંકા તે સાંશયિક મિથ્યાત્વ. તેના સ્વરૂપને અંગે શંકા તે શંકા. તેને અનુસરતી ઇચ્છા તે જીજ્ઞાસા. અને તેના કાર્યરૂપ થતો પ્રશ્ન તે આશંકા.

અનાભોગિક—વિચાર શૂન્ય એકેન્દ્રિય જીવને અથવા વિશેષ જ્ઞાનથી રહિત જીવને આ મિથ્યાત્વ સંભવે છે.

એ જે કર્મબંધ થાય છે, તે તે ભોગવવાં પડે છે. એ બંધ થવાના હેતુ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ—એ ચારના પેટા ઉપભેદ છે. એ સત્તાવન બંધહેતુનું સ્વરૂપ સમજવાની બહુજ જરૂર છે. તેમાં પાંચ પ્રકારના મિથ્યાત્વ ઉપર કહ્યા તે. બાકીના ત્રણ હેતુ વિસ્તારથી આ પ્રમાણે છે.—

બાર અવિરતિ—પાંચ ઇંદ્રિયો અને મનનો સંવર ન કરવો તથા છકાય જીવનો વધ કરવો, તે બાર પ્રકારની અવિરતિ કર્મબંધના હેતુભૂત છે.

કષાય—જેનાથી સંસારનો લાભ થાય તે કષાય કહેવાય. એ કષાય પચવીશ ગણાય છે. ક્રોધ, માન, માયા અને લોભ, એ પ્રત્યેકના ચાર ચાર ભેદ થાય છે

સંજ્વલન—ઉત્કૃષ્ટ પંદર દિવસ ચાલે અને દેવગતિ પ્રાપ્ત કરાવે તે

પ્રત્યાખ્યાનાવરણ—ઉત્કૃષ્ટ ચાર માસ ચાલે અને મનુષ્યગતિ પ્રાપ્ત કરાવે તે

અપ્રત્યાખ્યાની—ઉત્કૃષ્ટ એક વરસ ચાલે અને તિર્યંચગતિ પ્રાપ્ત કરાવે તે

અનંતાનુબંધી—ઉત્કૃષ્ટ યાવજ્જીવ ચાલે અને નરકગતિ પ્રાપ્ત કરાવે તે

એ કષાય અનુક્રમે યથાખ્યાત ચારિત્ર, સર્વવિરતિ, દેશવિરતિ અને સમકિતગુણ પ્રાપ્ત થવા દે નહિ. એ હેતુ. [illegible]

હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, અને જુગુપ્સા તથા સ્ત્રીવેદ, પુરૂષવેદ અને નપુંસકવેદ—એ નવ નોકષાય મળતાં બધા મળીને પચ્ચીશ ભેદ થાય, તે કર્મબંધના પ્રબળ હેતુભૂત છે.

યોગ પંદર છે. તેમા મનોયોગના ચાર ભેદ છે.

(૧) સત્યમનોયોગ— ખરેખરા વિચાર કરવા તે.

(૨) અસત્યમનોયોગ — ખોટા વિચારો કરવા તે.

(૩) મિશ્રમનોયોગ — જે વિચારમા કેટલીક વાત સાચી અને કેટલીક ખોટી હોય તે.

(૪) અસત્યામૃષમનોયોગ — જે ખોટા કે સાચાનો ભેદ વિના સામાન્ય વિચારો હોય તે.

વચનયોગના ચાર ભેદ છે—(૧) સત્ય વચનયોગ, (૨) અસત્ય વચનયોગ, (૩) મિશ્ર વચનયોગ અને (૪) અસત્યામૃષ વચનયોગ [illegible]

કાયયોગના [illegible] —

૧ [illegible]

આવે, તો કર્મની પ્રણાલિકા બંધ થાય છે અને પૂર્વે બાંધેલાં કર્મો ક્ષીણ થઈ જતાં જીવ સ્વતંત્ર બની અનવધિ સુખને પ્રાપ્ત કરે છે. જ્યાંસુધી એ બંધના બંધનમાંથી જીવ મુક્ત ન થાય, ત્યાંસુધી તે દુઃખમુક્ત થઇ શકતો નથી.

હે ભવ્યાત્માઓ ! આ બંધ તથા મોક્ષનું બધું સ્વરૂપ સમજાવનાર સદગુરૂ છે, સદગુરૂ વિના વાસ્તવિક તત્વબોધ થવો મુશ્કેલ છે અને તે વિના જીવની પાપવર્ધક પ્રવૃત્તિ દૂર થાય તેમ નથી. કહ્યું છે કે—

" अगीयत्थस्स वयणेणं, अमियंपि न घुंटए ।
गीयत्थस्स वयणेणं, विसं हालाहलंपिवे " ॥ १ ॥

અર્થઃ—અગીતાર્થના વચનથી અમૃત પણ ન પીવું અને ગીતાર્થના વચનથી હલાહલ વિષ હોય, તો તે પણ પી જવું.

કારણ કે ગીતાર્થ બહુજ વિચારપૂર્વક કહે છે, તેથી તેમનું વચન પરિણામે હિતકારી નીવડે છે. માટે ગીતાર્થ સદગુરૂનો યોગ પૂર્ણ પુણ્યોદય વિના પ્રાપ્ત થતો નથી. માણસ પોતે વિચક્ષણ છતાં તાત્વિક રહસ્ય સમજવા માટે તેને સહાયતાની તો જરૂર જ છે. કહ્યું છે કે—

" विना गुरुभ्यो गुणनीरधिभ्यो, जानीति तत्त्वं न विचक्षणोऽपि ।
आकर्णदीर्घोज्ज्वललोचनोऽपि, दीपं विना पश्यति नान्धकारे " ॥ १ ॥

અર્થઃ—ગુણના સાગર સમાન એવા ગીતાર્થ ગુરૂ

પ્રમાદને વશ થઈને પોતાનો લાભ સાધી શકતો નથી, તે જળપૂર્ણ તળાવ મળ્યા છતાં તૃષાતુર, ધાન્યથી ઘર ભરપૂર છતાં ક્ષુધાતુર અને કલ્પવૃક્ષ પ્રાપ્ત થયા છતાં દરિદ્ર રહ્યા જેવું કરે છે.

સદ્ગુરૂ વિના આ સંસારમાં ભ્રમણ કરતાં જીવને અન્ય કોઈ ઉગારનાર નથી, કારણ કે—

" पिता माता भ्राता प्रिय सहचरी सूनु निवहः,
सुहृत् स्वामी माद्यत्करिभटरथाश्व परिकरः ।
निमज्जन्तं जन्तुं नरककुहरे रक्षितुमलम्,
गुरोर्धर्माधर्मप्रकटनपरात्कोऽपि न परः " ॥ १ ॥

અર્થ—નરકરૂપ અંધકાર [illegible] પડતા જીવોને પુણ્ય-પાપનું [illegible] પ્રગટ બતાવી આપનાર ગુરૂ વિના અન્ય કોઈ પિતા, માતા, ભાઈ, વ્હાલી વનિતા, પુત્ર, મિત્ર, મદો[illegible] [illegible] હાથી [illegible], સુભટ, રથ, સ્વામી કે [illegible] કરવા સમર્થ નથી.

માટે હે [illegible] [illegible] [illegible], પુણ્ય, પાપ, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ગુરૂઓને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી [illegible] છે. "

હવે એકદા શ્રી ગૌતમ સ્વામીએ મહાવીર ભગવંતને પ્રશ્ન કર્યો કે—' હે ભગવન્ ! તેતલીપિતાનો જીવ પહેલાં દેવલોકથી ચવીને કયાં જશે ? ' પ્રભુ ઉત્તર આપતાં બોલ્યા કે—' હે ગૌતમ ! તેતલીપિતા દેવલોકથી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યભવ પામી, શ્રી સદ્ગુરૂના સદુપદેશથી પ્રતિબોધ પામી, સાધુધર્મનો સ્વીકાર કરી, કર્મરૂપ ગાંઠને તોડી નાખીને ત્યાંજ મુક્તિવધુને વરશે. '

ઇતિ તેતલીપિતા શ્રાવકનું ચરિત્ર.



ઉપસંહાર.

ચરમ તીર્થપતિ શ્રી મહાવીરના શાસન રસિક શ્રાવક વર્ગમાં આ આણંદાદિક દશે શ્રાવકો મુખ્ય કહેલા છે. સ્વયં ભગવંતે તેમની પ્રશંસા કરી હતી. ઉપસર્ગોમાં ધીર રહીને તેમણે પોતાનો ધર્મ બરાબર બજાવ્યો હતો. વીરના શાસનમાં એ દશે શ્રાવકો આજે દષ્ટાંતરૂપ છે, તેમની સમકિત-દઢતા એક આદર્શરૂપ છે. એ સર્વે વીશ વર્ષ સુધી જિનધર્મ-શ્રાવકધર્મ પાળી, શ્રાવકની અગીયાર પડિમા વહી, છેવટે સંલેખના પૂર્વક અનશનવ્રત આરાધીને પહેલાં સૌધર્મ દેવલોકને વિષે દેવતા થયા છે. ત્યાંથી ચવી મનુષ્ય જન્મ પામી, કર્મમલને ધોઇ પવિત્રાત્મા અને સંપૂર્ણ શુદ્ધાત્મા થઇને અજરામર એવા શાશ્વત પદને મેળવશે.

સમાપ્ત